આજનો સુવિચાર

વ્યકિતત્વ એવું રાખો કે લોકોને તમારી જરૂર પડે ગરજ નહી....

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૯૧ જૂનાગઢ તા. ૦૨-૦૪-૨૦૨૨ શનિવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

આજે પણ પેટ્રોલ - ડીઝલમાં ૮૦ પૈસા વધ્યા છેલ્લા ૧૨ દિવસમાં રૂા.૭.૨૦ વધારો ઝીંકાયો

રાજસ્થાનનાં શ્રીગંગાનગરમાં પેટ્રોલનો ભાવ રૂા.૧૨૦ને આંબી ગયો

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા.૨

દેશમાં પેટ્રોલ અને ડીઝલની વધતી કિંમતોથી લોકો પરેશાન છે. વાહનોના ઈંધણ ઉપર મોંઘવારીની અસર પડવાનું નામ નથી લઈ રહી. ભારતીય ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ૦૧ એપ્રિલે માત્ર એક દિવસની રાહત બાદ આજે પેટ્રોલ અને ડીઝલ બંને વાહનોના ઈંધણના ભાવમાં પ્રતિ લિટર ૮૦-૮૦પૈસાનો વધારો કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૧૨ દિવસમાં ૧૦ દિવસ ભાવ વધારો થયો છે જેમાં પેટ્રોલ - ડીઝલમાં છેલ્લા ૧૦ દિવસમાં રૂા.૭.૨૦નો વધારો થયો છે.

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં એક લિટર પેટ્રોલની કિંમત ૧૦૨.૬૧ થઈ ગઈ છે જયારે ડીઝલની કિંમત ૯૩.૮૭ રૂપિયા પ્રતિ લીટર ઉપર પહોંચી ગઈ છે. ૩૧ માર્ચે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૮૦-૮૦પૈસા પ્રતિલીટરનો ઉછાળો આવ્યો હતો. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં છેલ્લા ૧૨ દિવસમાં ૧૦મી વખત પેટ્રોલ-ડીઝલ મોંઘુ થયું છે.

મધ્યપ્રદેશના બાલાઘાટમાં પેટ્રોલનો ભાવ રૂા.૧૧૭.૪૦ પ્રતિ લિટર જયારે ડીઝલનો ભાવ રૂા.૧૦૦.૪૨ પ્રતિ લિટરે પહોંચી ગયો છે. જયારે રાજસ્થાનના શ્રી ગંગાનગરમાં પેટ્રોલ ૧૨૦.૦૮ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૧૦૨.૬૯ રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચાઈ રહ્યું છે. દેશના ચાર મહાનગરોની સરખામણી કરીએ તો મુંબઈમાં પેટ્રોલ અને ડીઝલ સૌથી મોંઘા છે.

ગૌતમ અદાણી એશિયાનાં સૌથી ધનિક વ્યકિત બન્યા મુકેશ અંબાણી હવે નં.૨

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી ફરી એકવાર ભારત અને એશિયાના સૌથી મોટા અમીર વ્યકિત બની ગયા છે. ગૌતમ અદાણી દેશની સૌથી મૂલ્યવાન કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીને પછાડીને આ સિદ્ધિ મેળવી છે. બ્લૂમબર્ગબિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, આ વર્ષે તેની કુલ સંપત્તિમાં $૨૩.૫ બિલિયનનો વધારો થયો છે અને તે $૧૦૦ બિલિયન ક્લબમાં પહોંચી ગયો છે. શુક્રવારે તેમની નેટવર્થમાં $૨.૪૪ બિલિયન અથવા રૂા. ૧૮,૫૩૨ કરોડનો વધારો થયો છે. અદાણી ગ્રૂપના શેર્સમાં આ વર્ષે ઘણી તેજી જોવા મળી છે અને તેણે વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં વિશ્વના અન્ય કોઈ પણ ધનિકો કરતાં વધુ કમાણી કરી છે. આ વર્ષે ૩૧ માર્ચ સુધી અદાણીની નેટવર્થમાં ઉછાળો આવ્યો છે.

યુધ્ધને કારણે કોલસાનાં પુરવઠાને અસર થતાં દેશમાં તોળાઈ રહેલું ગંભીર વિજ સંકટ અનેક રાજયોને વિજ કાપ લાદવાની ફરજ પડી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૨

રશિયા-યુક્રેન યુધ્ધના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે કોલસાનાં પુરવઠાને અસર થતા કોલસાનાં ભાવમાં તિવ્ર વધારો થયો છે. યુરોપમાં કોલસાની માંગ વધી ગઈ છે. કારણ કે ત્યાં પ્રાકૃતિક ગેસની અછત થઈ ગઈ છે,જેના કારણે આયાતી કોલસાના પુરવઠાને અસર થઈ રહી છે. ઘરેલુસ્તરની સાથેસાથે આયાતી કોલસાની સપ્લાયને અસર થવાથી વીજળી સંકટને ખતરો તોળાઈ રહ્યો છે. અનેક રાજયોમાં કલાકોમાં જ વીજ કાપની તૈયારી થઈ ચૂકી છે. જેના કારણે ઔદ્યોગિક ઉત્પાદનને પણ અસર થઈ રહી છે.

મહારાષ્ટ્ર પોતાના પાવર પ્લાન્ટમાં કોલસાની અછત દર્શાવી રહ્યું છે. ગુજરાત પણ વીજ સંકટનો સામનો કરી રહ્યું છે. ઉતરપ્રદેશ સહિત ઉત્તર ભારતનાં અનેક રાજયોમાં કલાકો સુધી વીજ કાપ થઈ રહ્યો છે. વીજળીની માંગમાં થનાર વધારાને જોતા પાવર એક્સચેન્જમાં તા.૧ એપ્રિલથી વીજળીની કિંમત પ્રતિ યુનિટ ૨૦ રૂપિયાના સ્તર સુધી પહોંચી ગઈ છે.

આમ આદમી પાર્ટીએ ચૂંટણીનું રણશીંગુ ફુકયું આજે અમદાવાદમાં કેજરીવાલ - ભગવંત માનનો રોડ-શો

(અમદાવાદ બ્યુરો)

અમદાવાદ તા. ૨

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન આજે અમદાવાદમાં ગુજરાતની ચૂંટણીનું રણશિંગુ ફૂંકશે. બંને નેતાઓ આજથી બે દિવસ અમદાવાદની મુલાકાતે આવ્યા છે. અરવિંદ કેજરીવાલ અને ભગવંત માન સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાત લીધી છે.

તેમણે ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.તે ઉપરાંત તેમણે હૃદયકુંજની પણ મુલાકાત લીધી હતી. આજે સાંજે ૪ વાગ્યે નિકોલ ખોડિયાર મંદિરથી ઠક્કરબાપાનગરબ્રિજ સુધી રોડ શો યોજવાના છે. દિલ્હીમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ઘર ઉપર હુમલાને પગલે ગુજરાતમાં પણ આવી કોઈ ઘટના ન બને તેના માટે તેમની સુરક્ષાવ્યવસ્થામાં પણ વધારો કરવામાં આવ્યો છે.

યુધ્ધનાં સમયમાં ભારતનું રાજકીય કદ વધ્યું એક મહિનામાં ૨૦ વૈશ્વિક નેતાઓએ મુલાકાત લીધી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા.૨

યુક્રેન કટોકટીના પગલે વૈશ્વિક સ્તરે જે રીતે અમેરિકાએ રશિયા સામેના વિરોધનું નેતૃત્વ લઈને આર્થિકપ્રતિબંધો લાદ્યા અને વિશ્વના દેશો પણ તે અનુસાર કરે તેવું દબાણ લાવી રહ્યું છે તે સમયે ભારતની વિદેશ નીતિમાં હાલમાં કેટલીક ઘટનાઓથી ફરીએક વખત વિશ્વમાં ભારત કઈ તરફ ઉભુ છે તે પ્રશ્ન છે. ખાસ કરીને દિલ્હીમાં હાલ એક બાદએક રાષ્ટ્રના વડાઓ આવીરહ્યા છે. છેલ્લા એક મહિનામાં ૨૦થી વધુ દેશોનાં વડાઓએ ભારતની મુલાકાત લીધી છે જે ભારતની વૈશ્વિક તાકાત દર્શાવે છે.

હાલના સમયમાં ચીન અને મેક્સિકોના વિદેશ મંત્રી ભારતના પ્રવાસે આવ્યા હતા તેના એક દિવસ પહેલા બ્રિટનના વિદેશમંત્રી ભારતમાં હાજર હતા.જયારે ગુરૂવારે રશિયાના વિદેશમંત્રી ભારત પહોંચ્યા હતા. અમેરિકા, જર્મની, નેધરલેન્ડના સુરક્ષા સલાહકારો પણ આ સમયે મોજુદ હતા. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક પણ વિદેશી મહાનુભાવોને મળવાનો સમય આપ્યો નહીંતે સૂચક છે. એક તરફ વિશ્વમાં નવી ધરી રચાઈ રહી હોવાના સંકેત છે.

હાલમાં, રશિયાના વિદેશ પ્રધાન સેર્ગેઈ લવરોવ, બ્રિટિશ વિદેશ પ્રધાન એલિઝાબેથ ટ્રસ અને અમેરિકાના નાયબ NSA દિલીપ સિંહ ભારતની રાજધાની દિલ્હીમાં હાજર છે. દિલીપ સિંહે જ અમેરિકામાં રશિયા ઉપર આર્થિક પ્રતિબંધો લાદવાની સંપૂર્ણ બ્લુ પ્રિન્ટ તૈયાર કરી હતી. આ ભારતની રાજદ્વારી તાકાત દર્શાવે છે. વિશ્વમાં ભારત એકમાત્ર એવો દેશ છે જે રશિયા સાથે પણ વાત કરી રહ્યો છે અને અમેરિકા સાથે પણ વાત કરી રહ્યો છે.

શરૂઆતમાં આ પશ્ચિમી દેશોએ ભારતની ખૂબ ટીકા કરી હતી અને કહ્યું હતું કે ભારતે આ યુદ્ધમાં રશિયાનો સાથ ન આપવો જોઈએ અને આ દેશોએ આ માટે ભારત ઉપર દબાણ લાવવાનો પ્રયાસ પણ કર્યો હતો. આ સિવાય આ દેશોએ યુક્રેનનો વિશ્વાસ જીતવા માટે રશિયા સાથે વાતચીતના તમામ રસ્તાઓ બંધ કરી દીધા અને તેના ઉપર સેંકડો આર્થિક પ્રતિબંધો લગાવી દીધા.

જયારે ભારતે આવું કર્યુ નથી. ભારતે ટીકાઓ છતાં રશિયા સાથે સંપર્ક જાળવી રાખ્યો અને આજે આ પશ્ચિમી દેશોના મંત્રીઓ ભારતની મુલાકાતે આવી રહ્યા છે કારણ કે તેઓ ભારત દ્વારા રશિયાને પોતાનો સંદેશ આપવા માંગે છે. એટલે કે તેઓ રશિયા સાથે ભારતની કોમ્યુનિકેશન ચેનલનો ઉપયોગ કરવા માંગે છે અને આ માટે ભારત આવી રહ્યા છે.

ટ્રાવેલ્સની બસોનાં ભાડામાં ગમે ત્યારે ૧૦ થી ૧૫ ટકાનો ભાવ વધારો ઝીંકાશે

(અમદાવાદ બ્યુરો)

અમદાવાદ, તા.૨

પેટ્રોલ-ડીઝલના ભાવમાં મોટો વધારો થઈ ગયો છે. 'ટૂર્સ અને ટ્રાન્સપોર્ટ ક્ષેત્રની હાલત વણસી રહી છે.' ભાવમાંગમેત્યારે ફેરફાર થતો હોવાથી એડવાન્સ બુકીંગના કિસ્સામાં ટૂર્સ અને ટ્રાન્સપોર્ટ માલિકોએ વધારો પોતાને જ ભોગવવો પડે તેવીસ્થિતિનું પણ નિર્માણ થયું છે. એ ઉપરાંત વધતા ટોલટેક્સ અને અન્યખર્ચાને પહોંચી વળવા ટ્રાન્સપોર્ટરો અને ટૂર્સ ટ્રાવેલ્સની બસોના ભાડાંમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો ગમે ત્યારે ઝીંકાશે.

એક તબક્કે રૂા. ૮૮ સુધી પહોંચેલું ડિઝલ પુનઃ વધીને રૂા. ૯૫.૭૦ થઈ ગયું છે. પેટ્રોલ રૂા. ૧૦૧ને પાર થઈ ગયું છે. આવા સમયે ગ્રાહકોને વધુ બોજો સહન કરવાનો આવશે.

દેશમાં સીધા કરવેરાની આવક રૂા. ૧૩.૮૧ લાખ કરોડ નોંધાઈ : નવો રેકોર્ડ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા.૨

દેશમાં કોરોના કાળ પછી લોકોથી લઈ કંપનીઓની આવકમાં ધરખમ વધારો થયો હોવાની સાબિતીરૂપે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં નેટ ડાયરેક્ટ કલેક્શન ૫૦ ટકા જેટલું વધીને ૧૩.૮૧ લાખ કરોડ નોંધાયું છે જે અત્યાર સુધીનો એક રેકોર્ડ છે વાસ્તવમાં કુલ કલેક્શન રૂા.૧૫.૮૩ લાખ કરોડ નોંધાયું છે જેમાંથી રિફંડ બાદ નેટ કલેક્શન રૂા. ૧૩.૮૧ લાખ કરોડ જાહેર થયું છે. જેમાં ઈન્કમટેક્સ, કોર્પોરેટ ટેક્સનો સમાવેશ થાય છે અને તેને અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડીપાડ્યા છે. ગત નાણાકીય વર્ષની સરખામણીમાં આ ૪૯ ટકાજેટલુંવધુ છે. ૨૦૨૦-૨૧ના નાણાકીય વર્ષમાં કુલડાયરેક્ટ ટેક્સ કલેક્શન રૂા. ૯.૨૩ લાખ કરોડ નોંધાયું હતું. જો કે ૨૦૨૨-૨૩નું કલેક્શન કોવિડ પહેલાના સમયગાળા કરતાં પણ વધુ છે. ૨૦૧૮-૧૯ કરતાંતે ૩૪ટકા અને ૧૯-૨૦ કરતાં તે ૨૩ ટકા વધુ છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સના અધિકારીઓએ જણાવ્યું હતું કે સીધા કરવેરાની આવકમાં આ વધારાનું મુખ્ય કારણ કોર્પોરેટ ટેક્સમાં જે મોટો વધારો થયો છે તેને યશ આપી શકાય. બીજી તરફ સિક્યોરીટી ટ્રાન્જેકશન ટેક્સ (એસટીટી)માં મોટો વધારો જોવા મળ્યો છે અને તે કલેક્શન રૂા. ૨૩ હજાર કરોડ થયું છે જે અગાઉના વર્ષે રૂા. ૨૦ હજાર કરોડ હતું. કુલ એડવાન્સ ટેક્સ કલેક્શનમાં થયેલો વધારો સરકાર માટે એક મોટી રાહત બની રહી છે.

ભાજપ વિરૂધ્ધ તમામ પક્ષોને એક થવા તામિલનાડુનાં મુખ્યમંત્રી સ્ટાલિને હાકલ કરી

ચેન્નાઈ તા. ૨

તમિલનાડુના મુખ્યપ્રધાન અને ડીએમકેના વડા એમકે સ્ટાલિને તમામ રાજકીય પક્ષોને ભાજપ વિરુદ્ધ એકસાથે આવવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું કે કોંગ્રેસ, ડાબેરી પક્ષો અને ભાજપનો વિરોધ કરતા તમામ પ્રાદેશિક પક્ષોએ કેન્દ્રમાં સત્તાધારી પક્ષને ટક્કર આપવા માટે સંયુક્ત મોરચો બનાવવા માટે સાથે આવવું પડશે. દરેક વ્યક્તિએ પોતાની વ્યક્તિગત રાજકીય માનસિકતાને બાજુ ઉપર મૂકીને ભારતને બચાવવા માટે સાથે આવવું જોઈએ.

દિલ્હીની ત્રણ દિવસની મુલાકાત દરમ્યાન સ્ટાલિને સમાચાર એજન્સી પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે જો આપણે ભારતની વિવિધતા, સંઘવાદ, લોકશાહી, બિનસાંપ્રદાયિકતા, સમાનતા, બંધુત્વ, રાજ્યના અધિકારો, શિક્ષણના અધિકારોને જાળવવા માંગતા હોય તો આપણે બધાએ સાથે આવીને લડાઈ લડવી જોઈએ.

શ્રીલંકામાં આર્થિક સંકટને પગલે કટોકટી જાહેર કરાઈ

કોલંબો,તા. ૨:: શ્રીલંકામાં આર્થિક સંકટના કારણે વણસી રહેલી સ્થિતિ વચ્ચે ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ રાજપક્ષેએ ગત મોડી રાત્રે આ જાહેરાત કરી હતી. શ્રીલંકા આ સમયે ભારે આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. દેશમાં ઈંધણની ભારે કટોકટી છે અને લોકોને અનેક કલાકો વીજ કાપનો સામનો કરવો પડી રહ્યો છે. દેશમાં સ્થિતિ એવી છે કે પેપરની અછતને કારણે તમામ પરીક્ષાઓ અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવી પડી છે. શ્રીલંકાની સરકારે શુક્રવારે રાષ્ટ્રપતિ રાજપક્ષેના નિવાસસ્થાન નજીક હિંસક પ્રદર્શનને વર્તમાન આર્થિક સંકટ ઉપર 'આતંકવાદી કૃત્ય' ગણાવ્યું હતું. સરકારે આ ઘટના માટે વિરોધ પક્ષો સાથે સંકળાયેલા 'ઉગ્રવાદી તત્વો'ને જવાબદાર ઠેરવ્યા હતા. શ્રીલંકામાં વિદેશી હૂંડિયામણની અછતને કારણે ઈંધણ જેવી આવશ્યક ચીજવસ્તુઓની અછત સર્જાઈ છે. દેશમાં સ્થિતિ એવી છે કે રોજ ૧૩ કલાક વીજ પુરવઠો બંધ રહે છે.

રાજસ્થાનનાં દૌસામાં મહિલા ગાયનેકોલોજીસ્ટ તબિબનાં આત્મહત્યા પ્રકરણનાં ગંભીર પ્રયાઘાતો :

રાજકોટ સહિત સૌરાષ્ટ્રની તમામ ખાનગી હોસ્પીટલોએ બંધ પાળ્યો

(રાજકોટ બ્યુરો) રાજકોટ, તા.૨

તાજેતરમાં જ રાજસ્થાનના દૌસામાં ડૉ.અર્ચના શર્માએ પોતાની ઉપર હત્યાની કલમ લગાવવામાં આવતાં ગભરાઈ જઈને આપઘાત કરી લેતાં સમગ્ર દેશના તબીબોમાં રોષ ફાટી નીકળ્યો છે.

દરમ્યાન આજે આ ઘટનાના વિરોધમાં નેશનલ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા આખા દેશની ખાનગીહોસ્પિટલોને બંધ રાખવાનો આદેશ આપવામાં આવતાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રની તમામ ખાનગી હોસ્પિટલો સવારે ૮થી ૬ વાગ્યા સુધી બંધ પાળશે. જો કે ઈમરજન્સી સેવાઓ ચાલું રહેશે.

આ અંગે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન-રાજકોટના પ્રમુખ ડૉ.સંજય ભટ્ટે જણાવ્યું કે રાજસ્થાનના દૌસાની ખાનગી હોસ્પિટલમાં ગાયનેકોલોજીસ્ટ તબીબ તરીકે કાર્યરત ડૉ.અર્ચના શર્મા સારવાર કરી રહ્યા હતા તે દરમ્યાન એક દર્દીનું મૃત્યુ થતાં હોસ્પિટલ ઉપર મૃતકના પરિવારજનોએ ડૉક્ટરની બેદરકારી બદલ દર્દીનું મૃત્યુ થયાનો આક્ષેપ કરી જોરદાર હોબાળો મચાવ્યો હતો. આ પછી પોલીસ પણ હોસ્પિટલે ખાતે દોડી ગઈ હતી. ત્યારબાદ સ્થાનિક નેતાઓ અને વિસ્તારના બાહુબલી ગણાતાં લોકો દ્વારા પોલીસ ઉપર મહિલા તબીબ ડૉ.અર્ચના શર્મા ઉપર હત્યાની કલમ હેઠળ ગુનો નોંધવા દબાણ કરવામાં આવતાં પોલીસે દબાણવશ થઈને હત્યાની કલમ નોંધી કાર્યવાહી શરૂ કરી હતી.

પોતાની ઉપર હત્યા જેવી સંગીન કલમ ઉમેરાતાં ડૉ.અર્ચના શર્મા ગભરાઈ ગયા હતા અને અત્યંત તણાવમાં મુકાઈ જવા પામ્યા હતા અને આ તણાવને કારણે જ તેમણે આપઘાત કરી લેતાં આખા દેશના ડૉક્ટરોમાં સોપો પડી જવા પામ્યો છે. ડૉ.ભટ્ટે ઉમેર્યું કે સુપ્રીમ કોર્ટનો સ્પષ્ટ ચુકાદો છે કે કોઈ પણ તબીબની ધરપકડ કે તેમના ઉપર ગુનો નોંધતાં પહેલાં આખા મામલાની બારીકાઈથી તપાસ કરવી જરૂરી છે.

જો ડૉક્ટર તપાસમાં સહકાર ન આપી રહ્યા હોય તો જ તેમની ધરપકડ કરવી જોઈએ પરંતુ આ કેસમાં પોલીસે સુપ્રીમ કોર્ટના ચુકાદાનો અનાદર કરીને સીધેસીધી હત્યાની કલમ ઉમેરી દેતાં ડૉ.અર્ચના શર્માએ અંતિમ પગલું ભરી લીધું હતું.

આ ઘટનાને કારણે આખા દેશના તબીબો ભય હેઠળ કામ કરી રહ્યા હોય નેશનલ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા આજે દેશની તમામ ખાનગી હોસ્પિટલો સવારે ૮થી ૬ વાગ્યા સુધી બંધ પાળશે તેવો આદેશ આપવામાં આવતાં આ આદેશનું પાલન રાજકોટ સહિત સૌરાષ્ટ્રની આઈએમએ સાથે જોડાયેલી તમામ હોસ્પિટલો કરી રહી છે. બંધ પાળી તમામ હૉસ્પિટલો દ્વારા ડૉ.અર્ચના શર્માને શ્રદ્ધાંજલિ પણ પાઠવી હતી. આ ઘટના બન્યા બાદ દેશમાં કાર્યરત ઈન્ડિયન મેડિકલ એસો.ની દરેક શાખા દ્વારા કલેક્ટરને આવેદન પણ પાઠવવામાં આવી રહયા છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. સોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

કેયુરભાઈ - મો. ૯૮૨૪૨ ૮૪૩૫૭
અતુલભાઈ - મો. ૯૯૨૪૧ ૨૦૨૭૦

હર્બલ તથા રો-મટીરીયલનાં વેપારી

''ગાંધી''
જમનાદાસ ગોરધનદાસ વિઠલાણી
રામ મંદિર સામે, પંચહાટડી ચોક, જૂનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૨૧૧૭૫૭

અશોકભાઈ મશરૂ ફોન : ૦૨૮૫ - ૨૬૫૦૪૨૯
દિલિપભાઈ મશરૂ મો. ૯૪૦૯૧ ૨૪૯૯૯
ભાવેશભાઈ મશરૂ મો. ૯૦૩૩૨ ૭૦૧૯૫



કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ
આર. હેમતલાલ એન્ડ કાું.
પોસ્ટ ઓફીસ રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧

હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીક્સના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાપાસ ચોકડી, ૯-સ્કવેર બિલ્ડીંગ, ત્રીજા માળે, કે.જે. હોસ્પીટલની બાજુમાં, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સુરભિ મસાલા
ઘરમાં મસાલા હોય તો ફક્ત સુરભિનાં જ હેમ સાસુજી !

માત્ર સસ્તુ નહી...વસ્તુ માંગો... બહેન વસ્તુ લેવી હોય તો સુરભિ મસાલા માં જવુ પડે....

અમો દર વર્ષે મસાલા તો સુરભિ માં જ બનાવીએ છીએ તેથી તો આખુ વર્ષ મસાલા માં સ્વાદ, સુગંધ અને સોડમ એક વર્ષ સુધી એક સરખી જ રહે છે. ૧૦૦% શુધ્ધતાની ગેરેંટી સાથે તો આપ પણ એકવાર સુરભિ માં મસાલા બનાવી જોવો અને કાયમી ગ્રાહક બનશો. આપને મસાલા પસંદ પડે તો બીજાને ભલામણ કરજો કે બહેન મસાલા તો સુરભિ માં જ બનાવવા જોઈએ.

દરેક જાતના આખા મરચાઓ દંડીકટ તૈયાર મળશે.અને આપની પસંદગી મુજબના મરચા તુરંત પીસી દેવામાં આવશે. ગોડલ રેશમ પટ્ટો, ઘોલર પટ્ટો, કાશ્મીરી, ઉબલી. કાશ્મીરી ડબી, જીણા તીખા વગેરે મરચાઓ મળશે દરેક જાતની હળદર, ધાણા, ધાણી, જીરૂ, વરીયાળી, રાય, મેથી, તજ, બાદીયા, તીખા તેમજ સુરભિનો ખાસ મુખવાસ, હળદર પાવડર, ધાણાજીરૂ પાવડર, ગરમ મસાલો, સ્પે. બાંધાની હીંગ જેમાં સ્વાદ, સુગંધ, સોડમ ની ૧ વર્ષની ગેરેંટી સાથે આચાર મસાલો ગોળકેરી મસાલો રાયતો મસાલો, ચા મસાલો, અડદીયા મસાલો, સુંઠ પાવડર વગેરે મળશે.

વિજય ફૂડ્સ પ્રોડક્ટસ - અનાજ માર્કેટીંગ યાર્ડ પાસે, દોલતપરા, જૂનાગઢ.

વડાપ્રધાન મોદીની વિદ્યાર્થીઓ સાથે "પરીક્ષા પે ચર્ચા": ખંભાળિયા સહિત હાલારની શાળાઓના વિદ્યાર્થીઓ કાર્યક્રમમાં હોંશભેર જોડાયા

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા તા. ૨

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગઈકાલે શુક્રવારે વિદ્યાર્થીઓ સાથે યોજવામાં આવેલા "પરીક્ષા પે ચર્ચા" કાર્યક્રમમાં ખંભાળિયા સહીત દ્વારકા જિલ્લા ઉપરાંત જામનગર જિલ્લાની તમામ સરકારી તથા ખાનગી અને ગ્રાન્ટેડ શાળાઓના વિદ્યાર્થીઓ જોડાયા હતા. "પરીક્ષા પે ચર્ચા" કાર્યક્રમમાં ટીવીના માધ્યમથી જોડાયેલા વિદ્યાર્થીઓએ ઉપયોગી માર્ગદર્શન મેળવ્યું હતું. જામનગર જિલ્લા શિક્ષણ અધિકારી બી.એચ. કૈલા તથા દેવભૂમિ

દ્વારકા જિલ્લાના શિક્ષણ અધિકારી બી.એચ. વાઢેર અને એજ્યુકેશન ઈન્સ્પેકટર વિમલભાઈ કિરતસાતા સાથે સી.એમ. મહેતા વિગેરે દ્વારા હાલ આ બંને જિલ્લાની તમામ શાળાઓ કે જ્યાં બોર્ડની પરીક્ષા ના હોય ત્યાં તેમજ જ્યાં પરીક્ષા હોય તેની બાજુની પ્રાથમિક શાળામાં "પરીક્ષા પે ચર્ચા" કાર્યક્રમ લાઈવ જોવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં છાત્રોના પ્રશ્નો તથા તેનું નિરાકરણ વડાપ્રધાન મોદી દ્વારા આપવામાં આવ્યું હતું. આ ચર્ચામાં પરીક્ષાનું ટેન્શન, ઓનલાઈન કે ઓફલાઈન શિક્ષણમાં એકાગ્રતા, વિષય સજ્જતા, વિગેરે મુદ્દે વિદ્યાર્થીઓએ જરૂરી જાણકારી મેળવી હતી. બંને જિલ્લાના ધોરણ ૯ તથા ૧૧ના વિદ્યાર્થીઓએ અગાઉથી કરવામાં આવેલા આયોજન મુજબ મોટી સંખ્યામાં આ કાર્યક્રમનો લાભ લઈ અને ઉપયોગી માર્ગદર્શન મેળવ્યું હતું.

દેવભૂમિ દ્વારકા જિલ્લા વહિવટીતંત્ર દ્વારા રાષ્ટ્રીય કક્ષાના માધવપુર ઉત્સવ અંગેની તૈયારીઓનો પ્રારંભ

જગત મંદિર સહિતના મંદિરો, વૈષ્ણવ સંપ્રદાયની હવેલીઓને રોશનીથી સુશોભિત કરાશે

(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળિયા તા. ૨

આઝાદીના અમૃત મહોત્સવને સાંસ્કૃતિક વિરાસત સાથે જોડવાના હેતુસર આગામી તા. ૧૦ એપ્રિલથી માધવપુર (ઘેડ) ખાતે શરૂ થનારા માધવપુર મહોત્સવ માત્ર પોરબંદર જિલ્લા પુરતો સિમિત ન રહે પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રના તિર્થ સ્થળો તેમજ પ્રવાસન સ્થળો પણ આ ટુરીઝમ સર્કીટ સાથે જોડાય તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઉદેશથી રાજય સરકારના માર્ગદર્શન હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લા વહિવટીતંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જેના સુચારૂ આયોજન માટેની એક બેઠક જિલ્લા કલેકટર એમ.એ. પંડયાના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી ખાતે સામાજિક આગેવાનો તથા અધિકારીઓ સાથે યોજવામાં આવી હતી. આ અંગેની માહિતી જિલ્લા કલેકટર એમ.એ. પંડયાએ જણાવ્યું હતું કે, સમગ્ર આયોજનમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના જગત મંદિર સહિત તમામ કૃષ્ણ મંદિરો તથા બેટ દ્વારકા, રૂક્ષ્મણી મંદિર તથા વૈષ્ણવ સંપ્રદાયની હવેલીઓને રોશનીથી શણગારી સુશોભિત કરવામાં આવશે. આ સાથે દ્વારકા-પોરબંદર-માધવપુર સુધીની પ્રવાસી સર્કિટ નિર્માણ થાય તેવા પ્રયાસો હાથ ધરાશે. આ સર્કિટના માધ્યમથી વધુમાં વધુ સ્થાનિક રોજગારી પણ ઉપલબ્ધ કરાવવાનું જિલ્લા કલેકટરએ સુચન કર્યું હતું. દેવભૂમિ દ્વારકાના તમામ ચાર તાલુકાઓમાંથી બહોળી સંખ્યામાં શ્રધ્ધાળુઓ માધવપુર મહોત્સવમાં ઉપસ્થિત રહેશે. લોકો સ્વયં પ્રેરિત થઈ આ મહોત્સવમાં ઉપસ્થિત રહે તે અંગેની જરૂરી આનુષાંગિક વ્યવસ્થાઓ હાથ ધરવા પણ પદાધિકારીઓ, અધિકારીઓને સુચન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા સુનિલ જોશી, જિલ્લા વિકાસ અધિકારી ડી.જે. જાડેજા, ખંભાળિયાના પ્રાંત અધિકારી પાર્થ કોટડીયા, નાયબ કલેકટર કે.કે. શાહ, દ્વારકાના પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયા, દ્વારકા નગરપાલિકા પ્રમુખ જયોતિબેન સામાણી, જિલ્લા ભાજપ મહામંત્રી મયુરભાઈ ગઢવી, હિતેન્દ્રભાઈ આચાર્ય, જીજ્ઞેશ પરમાર સહિત જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

રઘુવંશી ક્રાંતિ મંચ દ્વારા આવતીકાલે ચોટીલા ખાતે પ્રથમ અધિવેશન : લોહાણા સમાજમાં ઉત્સાહ

(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળિયા તા. ૨

છેલ્લા ઘણાં વર્ષોથી રાજકીય ક્ષેત્રે લોહાણા સમાજના અગ્રણીઓની થઈ રહેલી અવગણના અને ઓછા થઈ રહેલા રાજકીય વર્ચસ્વથી સમગ્ર લોહાણા સમાજ ચિંતિત છે. એક સમયે ગુજરાત વિધાનસભામાં દસ જેટલા રઘુવંશી- લોહાણા અગ્રણીઓ જીતીને આવતા હતા. જે સંખ્યા હાલ ઘટીને માટે એક જ થઈ ગઈ છે. આ બાબતથી ચિંતિત વિશ્વભરનો રઘુવંશી લોહાણા સમાજ ઘણા સમયથી કંઈક કરવું જોઈએ અને આગળ આવવું જોઈએ- તે દિશામાં વિચારતો હતો. જેના ફળસ્વરૂપે કેટલાક જાગૃત અને સક્રિય યુવાનો અને વડીલો દ્વારા રઘુવંશી ક્રાંતિ મંચની સ્થાપના કરવામાં આવી હતી. સમગ્ર ગુજરાતમાં રઘુવંશી ક્રાંતિ મંચ દ્વારા સંકલન કરવામાં આવ્યા બાદ હવે તેમના દ્વારા પ્રથમ અધિવેશન કરી લોહાણા સમાજના રાજકીય રીતે અગ્રણી હોય તેવા તમામ કાર્યકરોને હાજર રાખી, રાજયમાં આગામી વિધાનસભાની ચૂંટણીમાં વધુમાં વધુ લોહાણા સમાજના આગેવાનોને ટીકીટ મળે અને ટીકીટ મળ્યા બાદ સમાજના લોકો પોતાના ઉમેદવારને જીતાડવા માટે સક્રિય ભૂમિકા ભજવે તે દિશામાં ઠોસ અને નક્કર કામ કરવા માટે રવિવારે ચોટીલા ખાતે એક અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના તમામ વિસ્તારોમાંથી લોહાણા અગ્રણીઓ, સામાજિક કાર્યકર્તાઓ અને યુવાનો ઉપસ્થિત રહી એક નવી ક્રાંતિની શરૂઆત કરશે. રાજકીય રીતે અગ્રણી હોય તેવા રઘુવંશી લોહાણા સમાજના મોભીઓ અને અગ્રણી આગેવાનોએ મોટી સંખ્યામાં હાજર રહી એક નવી ક્રાંતિ માટે પહેલ કરવા સમાજને હાકલ કરી છે. આ અધિવેશનથી એક નવી શરૂઆત થાય અને આગામી દિવસોમાં તેના સારા પરિણામ સમાજને મળે તે માટે સંસ્થાના પ્રમુખ ડો. ધર્મેશ ઠક્કર વિગેરે સતત સક્રિય રહી પોતાની ટીમને માર્ગદર્શન આપી રહ્યા છે. રઘુવંશી ક્રાંતિ મંચની તમામ સામાજિક પ્રવૃત્તિઓને કોઈ પણ જાતના શુલ્ક વિના વધુમાં વધુ જ્ઞાતિજનો સંસ્થા સાથે જોડાય અને આગામી ચૂંટણીમાં વધુમાં વધુ લોહાણા અગ્રણીઓને ટીકીટ મળે તે માટે સાથે રહી સહકાર આપશે.

ઓખામંડળના સદ્‌ગત વેપારી અગ્રણીના માનમાં આજે રામધુનનું આયોજન

(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળિયા તા. ૨

ઓખા મંડળના જાણીતા રઘુવંશી અગ્રણી, સુરજકરાડી ગ્રેઈન મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ તથા ઓખામંડળ ચેમ્બર ઓફ કોમર્સના સેક્રેટરી મુકેશભાઈ હંસરાજભાઈ કાનાણીનું તા. ૨૩ માર્ચના રોજ અકાળે નિધન થતાં સમગ્ર ઓખામંડળ સાથે રઘુવંશી સમાજમાં ઘેરા શોકની લાગણી જોવા મળી રહી છે. સમગ્ર દ્વારકા પંથકના વેપારીઓમાં આગળ પડતું નામ ધરાવતા, વિવિધ સામાજિક તથા સેવા સંસ્થાઓમાં સક્રિય રીતે સેવાઓ આપતા અને સાલસ સ્વભાવના મુકેશભાઈ કાનાણીની વિદાયથી વેપારીઓએ શોકની લાગણી વ્યક્ત કરી, શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. સદ્‌ગત મુકેશભાઈને શ્રદ્ધાંજલિ આપવા માટે આજે શનિવારે રામધુનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત આજે શનિવારે રાત્રે ૧૦ વાગ્યે મીઠાપુરની આશાપુરા સોસાયટી ખાતે આવેલા સત્યમ-શિવમ-સુંદરમ ખાતેના નિવાસસ્થાને યોજવામાં આવેલા રામધુનના આ કાર્યક્રમમાં જાણીતા કલાકારો ઉપસ્થિત રહેશે. જેમાં સહભાગી થવા કાનાણી પરિવાર દ્વારા સર્વેને અપીલ કરવામાં આવી છે.

આવતીકાલથી શરૂ થતો મુસ્લીમોનો પવિત્ર માસ રમજાન નિમિત્તે જૂનાગઢની રેસ્ટોરન્ટની અનોખી પહેલ

(અમ્માર બખાઈ દ્વારા)

જૂનાગઢ તા. ૨

આવતીકાલથી મુસ્લીમોનાં પવિત્ર રમજાન માસનો પ્રારંભ થઈ રહયો છે ત્યારે શહેરી અને ઈફતારી (રોજુ ખોલવું)ની સુવિધા મુસાફરો, દવાખાનામાં દાખલ દર્દીઓ તથા તેઓનાં સગા વહાલા માટે ખામધ્રોળ ચોકડી પાસે આવેલ રોયલ ઈસ્કોન ગાઠીયાનાં આસિફભાઈ જુણેજા દ્વારા ૩૦ દિવસ સુધી ફ્રીમાં શહેરી અને રોજુ ખોલવામાં આવશે.

જૂનાગઢ જિલ્લાના ઈટાળી, સેમરાળા સહિતના ગામડાઓમાં કિશોરી મેળા યોજાયા

કિશોરીઓને સરકારની વિવિધ યોજનાઓનું માર્ગદર્શન અપાયું

જૂનાગઢ, તા.૨

સરકારની બેટી બચાવો, બેટી પઢાવો યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લાના અલગ-અલગ તાલુકાઓના વિવિધ તાલુકાઓ ગામડા જેવા કે, ઈટાળી, સેમરાળા સહિતના ગામડાઓમાં જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ વિભાગના સ્ટાફ દ્વારા આંગણવાડીની બહેનોની મુલાકાત લઈ કિશોરી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કિશોરીઓને માસિકધર્મ સ્વાસ્થ્ય જાળવણી અંગેની સમજ આપવામાં આવી હતી. તેમજ એનિમિયાનું પ્રમાણ ઓછું થાય તે માટે શું કાળજી રાખવી તે અંગેની માહિતી અને વિવિધ મહિલાલક્ષી યોજનાઓથી કિશોરીને વાકેફ કરવામાં આવી હતી અને દિકરીઓના શિક્ષણ અને જન્મદરમાં વધારો થાય તે માટેના શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સહભાગી થયેલ કિશોરીઓને સેનેટરી પેડના પેકેટ, સેનેટાઈઝર, માસ્ક, પેન્ટી, પેપરશોપ, કેરીબેગ સહિતની કીટ અને આઈ.ઈ.સી. વિતરણ કરવામાં આવ્યું હતું.

બાંટવાનાં પાજોદમાંથી ૪ જુગારી ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા. ૨

બાંટવાનાં પીએસઆઈ વી.આર. ચાવડા અને સ્ટાફે બાંટવા તાબેનાં પાજોદ ગામે જુગાર રમતા રસીકભાઈ ઢઢાણીયા (પાજોદ), સાદુલભાઈ જલુ (પાજોદ), દિપકભાઈ જોષી (માણાવદર) અને ચંદુભાઈ લોઢીયા (માણાવદર) શખ્સોને રોકડ રૂા. ૧૬૭૦૦, મોબાઈલ-૪, મોટર સાયકલ-૨ મળી કુલ રૂા. ૬૯૭૦૦નાં મુદામાલ સાથે ઝડપી લીધેલ છે. પોલીસે આરોપી નં. ૧ રસીક ઢડાણીયાની કબ્જા ભોગવટાની વાડીની ઓરડીએ આ દરોડો પાડયો હતો. જયાં આરોપી નં. ૨ થી ૪નાઓને બહારથી બોલાવી જુગારનો અખેડો ચલાવવામાં આવી રહયો હતો.

જાહેર નોટીસ

મામલતદાર, જૂનાગઢ ગ્રામ્યની કોર્ટમાં, તાલુકા સેવા સદન, સરદારબાગ, જૂનાગઢ

નં. જન્મ-મરણ/નોંધણી કેસ નં. ૦૫/૨૦૨૨

શ્રી ડોબરીયા બેચરભાઈ જસમતભાઈ

રહે. વાલાસીમડી, તા. જિ. જૂનાગઢ

વિષય : જન્મ-મરણ નોંધણી અધિકારીની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધ અંગેનો હુકમ કરવા બાબત

આથી લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે, આ કામનાં અરજદારશ્રી ડોબરીયા બેચરભાઈ જસમતભાઈ રહે. વાલાસીમડી તા. જી. જૂનાગઢ વાળાએ તેમના માતૃશ્રી સ્વ. દેવીબેન જસમતભાઈ ડોબરીયાના અવસાનની નોંધ (મરણ તા. ૨૮-૦૭-૧૯૮૦) ગ્રામ પંચાયત કચેરી, વાલાસીમડી, તા. જૂનાગઢ ગ્રામ્ય, જી. જૂનાગઢમાં થયેલ ન હોય જન્મ-મરણ નોંધણી અધિકારી, ગ્રામ પંચાયત કચેરી, વાલાસીમડી તા. જૂનાગઢ ગ્રામ્ય કચેરીનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરી આપવા અંગે અત્રેની કોર્ટમાં અરજદાર તરફથી અરજી કરવામાં આવેલ છે. આ અરજી અંગે કોઈપણ વ્યકિતને વર-વાંધો કે તકરાર હોય તો તેણે જાતે અથવા તેના મુખત્યાર કે વકીલ મારફતે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં મામલતદાર કચેરી, જૂનાગઢ (ગ્રામ્ય) ખાતે વાંધા અરજી સાથે રૂબરૂ હાજર રહેશો. જેમાં કસુર થયેથી કોઈ વ્યકિતને કોઈપણ પ્રકારનો વાંધો નથી તેવું માની આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તા. ૩૧ માહે, માર્ચ, ૨૦૨૨નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો

સ્થળ : જૂનાગઢ

તા. ૩૧-૦૩-૨૦૨૨

સહી અવાચ્ય

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ

અને

મામલતદાર, જૂનાગઢ ગ્રામ્ય

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

મોબાઈલ... મોબાઈલ..

પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક

શ્રી જલારામ ટેલીકોમ

વણઝારી ચોક, જૂનાગઢ

મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

લેડીઝની જરૂર છે સમર્થ સેલ્સ

ડીલર અલ્ટ્રાટેક સિમેન્ટ રામકો સિમેન્ટ પતરા બિરલા વ્હાઈટ સિમેન્ટ પ્લેન સિમેન્ટ સીટ ડીસ્ટ્રીબ્યુટર પીડી લાઈટ રોકુ કેમીકલ

સમર્થ સેલ્સ

માંગલ્ય પાર્ટી પ્લોટની સામે ગિરનાર દરવાજા રોડ, જૂનાગઢ.

મો. ૯૯૭૮૧ ૯૮૦૧૧

ઓફિસ વર્ક કરી શકે તેવા અનુભવી બહેનની જરૂર છે

: કોન્ટેક :

મો. ૯૯૭૮૧ ૯૮૦૧૧

પાર્સલ સેવા આપવામાં આવશે

રાજ ડાયનીંગ હોલ

• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી

• જુનાગઢ શહેરના હદયસમા કાળવા ચોકમાં

• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.

દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.

રાજ ડાયનીંગ હોલ

કાળવા ચોક, જૂનાગઢ.

દિપક ફટાકડા સેન્ટર

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

દિપક ફટાકડા સેન્ટર

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે જ સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટ્સએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

અમારી બીજી બ્રાંચ ઝાંઝરડા રોડ ગાયત્રી સ્કુલની સામે

સ્વાદનો ચટકો

અમારે ત્યાંથી

• પાણીપુરી • સમોસા • રગડા પેટીસ

• લસણીયા બટેટા • રગડો • સેવપુરી

• મસાલાપુરી • દહીંપુરી • દિલ્હી ચાટ

• ભેળ • દાબેલી • બાસ્કેટ ચાટ

તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે

:: ખાસ નોંધ ::

લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

જલારામ પાણીપુરી

પંચહાટડી ચોક શ્રી રામ મંદિરની બાજુમાં, જૂનાગઢ

જગદીશભાઈ સોટા : મો. ૯૬૮૭૫ ૫૦૬૨૧

૪૮ વર્ષ થયા એક જ નામ

વિજય ઘી ડીપો

ચૈત્ર નવરાત્રી મહીના નિમિત્તે શુધ્ધ ગાયનું ઘી આવી ગયેલ છે

વિજય ઘી ડીપો

ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન : ૨૬૨૫૧૨૩

નાનખટાઈ બીસ્કીટ કુકીઝ

વંદના બેકરી

તળાવ સ્ટ્રીટ

ફોન : ૨૬૨૪૨૪૪

નારાયણ બેકરી

સુખનાથ ચોક

ફોન : ૨૬૨૩૨૨૪

બેકરીની બધી જ વેરાયટી ઘઉંની મળશે

ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર

વૈદ્ય મુકેશ આર. વારસુર

Vaidya Visharad, K.S.T., Ayurveda & Panchkarma, C.I.N. M. 95869 60167

હરસ, મસા, ફિશર, ભગંદર ઓપરેશન વગર આયુર્વેદ પધ્ધતિથી સારવાર

: સમય : - સવારે ૧૦ થી ૧.૩૦

: સાંજે : - ૫.૩૦ થી ૮.૩૦ સુધી

આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

મો. ૯૫૮૬૯ ૬૦૧૬૭

શ્રીનાથજી યાત્રા સંઘ

ચંપારણ, જગન્નાથપુરી, કલકતા, ગંગાશાગર સાઈટ સીન સાથે વેકેશન એપ્રીલ/મેનું રેલ્વે બુકીંગ ચાલુ છે

ભીખુભાઈ મજીઠીયા

મો. ૯૪૨૮૬ ૯૯૭૬૩

મો. ૯૪૨૬૦ ૫૧૮૭૮

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા

ક્રીમ લચ્છી સન્ડે આઈસ્ક્રીમ ક્રિમ મિલ્ક સેઈક

આઈસ્ક્રીમ

શિખંડ - બાસુંદી - દહીંવડા

કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

મૃદુ છતાં મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્ત્વ હેઠળની સરકારના પ્રથમ ૨૦૦ દિવસમાં વંચિતો, આદિવાસી બાંધવો, દરીદ્ર નારાયણોએ ભરી વિકાસની હરણફાળ

'શું સ્થિતિ છે... ? આપણે કેવી રીતે અસરગ્રસ્તોને મદદ કરવાનુ કાર્ય પાર પાડી રહ્યાં છીએ એની વિગતે વાત કરો ? પૂરગ્રસ્તોને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા કાર્યવાહી કરો...' એક મૃદ સંવેદનાસભર છતાં મક્કમ અવાજે ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ શપથ લીધા બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સમગ્ર વહેવટી તંત્રને પ્રેરિત કરવા સાથે તેમનામાં પ્રાણ પૂર્યા અને રાહત કાર્ય ઝડપભેર પૂર્ણ કરાયું. આવો જ એક કિસ્સો હમણાં બન્યો. ફરી એ જ ''વ્યક્તિ''એવડોદરાના એકતાનગર તેમજ સુખાલીપુરાના લોકોની વચ્ચે પહોંચી સમસ્યા જાણી તેમના પ્રશ્નો ઉકેલવાનો પ્રયાસ કર્યો. બે અલગ અલગ કિસ્સા પરંતુ કેન્દ્ર સ્થાને જો કઈ હતું તો તે જનજનની જન નાયકની સંભાળ.

શપથગ્રહણ બાદ પ્રથમ જ બેઠકમાં જામનગરના પૂરપીડિતોને સહાય પહોંચાડવાની વાત હોય કે તાજેતરમાં તેમણે લીધેલી વડોદરા જિલ્લાની અચાનક મુલાકાત, મૃદુહૃદયી પરંતુ દ્રઢ નિર્ણયશક્તિવાળા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના જનમાનસમાં પોતીકા માણસની એક અમીટ છબિ ઉભી કરી દીધી છે. ખૂબ જ ટૂંકાગાળામાં તેમણે પ્રામાણિકતા, પરિશ્રમ અને પારદર્શિતાનું દર્શન કરાવતા એનેક નિર્ણય અને યોજનાઓ જનસમર્પિત કરી ગુજરાતની ઉન્નતિ માટેની તેમની કર્તવ્યપરાયણતાનો પરિચય આપી દીધો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કાર્યકાળને ૨૦૦ દિવસ પૂર્ણ થયાં છે ત્યારે આ સમયમાં તેમની આગેવાનીમાં ગુજરાત સરકારે સોશિયલ સેકટર્સ જેવા કે શિક્ષણ, આરોગ્ય, જળ વ્યવસ્થાપન, ઉદ્યોગો સહિત તમામ ક્ષેત્રોના જનહિતલક્ષી નિર્ણયોથી ગુજરાતના દરેક વર્ગ, દરેક સમાજ અને દરેક વય જૂથને ઉર્દ્ધગામી વિકાસ થયો હોવાની પ્રતિતી થઈ રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આદરેલા ગુજરાતના ખૂણેખૂણાના વિકાસ માટેના નિષ્ઠાવાન પૂરૂષાર્થ અને તેમના સૌમ્ય, સાલસ,, સરળ સ્વભાવને સૌ કોઈ એક અવાજે બિરદાવી રહ્યાં છે.

'વંચિતો, ગરીબો, આદિવાસીઓને પડખે અડિખમ સરકારલ્ક આ માત્ર શબ્દો નથી એનો યથાર્થ પરિચય મેળવવો હોય તો આદિજાતિ વિસ્તારમાં જવું પડે અનુભવવુ પડે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની માર્ગદર્શનમાં આદિજાતિ વિસ્તારના વૃદ્ધોથી માડીંને યુવાઓને સાંકળતી વિવિધ યોજના થકી સરકારે જનજન સુધી પહોંચવાનો નિષ્ઠાવાન પ્રયાસ કર્યો છે. એક બાજુ નિરાધાર વૃદ્ધ પેન્શન યોજનાનું ૬૦ થી ૮૦ વર્ષની વયના લોકોનું માસિક પેન્શન ૭૫૦ થી વધારીને ૧૦૦૦ અને ૮૦ વર્ષથી વધુના નિરાધારોનું માસિક પેન્શન રૂા.૧૦૦૦થી વધારી રૂા.૧૨૫૦ કરવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધો. તો બીજી તરફ ૩૬ લાખ પછાત વર્ગના વિદ્યાર્થીઓને અપાતી ગણવેશ સહાય રૂા. ૬૦૦ થી વધારીને રૂા. ૯૦૦ કરી. શિક્ષણને પ્રાથમિકતા આપતી સરકારે 'ભિક્ષા નહીં શિક્ષા'ના મંત્ર સાથે શહેરના સિગ્નલ પાસે ભિક્ષાવૃત્તિ કરતા કે અધવચ્ચે શાળા છોડી ગયેલા દરિદ્ર બાળકોને શિક્ષણ આપવા ૩૦થી વધુ મોબાઈલ સ્કૂલ બસ સાથે 'સિગ્નલ સ્કૂલ પ્રોજેક્ટ' શરૂ કર્યો છે.

આદિજાતિના સર્વાગી વિકાસને વરેલી રાજ્ય સરકારે વન અધિકાર અધિનિયમ અન્વયે ૧૬,૫૭૨ આદિવાસીઓને જમીનના અધિકારો આપવાની સંવેદના દાખવી. આદિજાતિ વિસ્તારોમાં ઓનલાઈન બેંકીંગ, ઈ-કોમર્સ, ઓનલાઈન શિક્ષણ સહિતના ક્ષેત્રો માટે બે વર્ષમાં ૫૦૦ નવા મોબાઈલ ટાવર્સ ઉભા કરવાથી આદિવાસી વિસ્તારોની કાયાપલટ થવા જઈ રહી છે. વનબંધુઓના બાળકોને ગુણવત્તસભર શિક્ષણ માટે ૨૫ બિરસામુંડા જ્ઞાનશક્તિ રેસિડેંસિયલ સ્કુલ ઓફ એક્સલન્સ શરૂ કરવાના નિર્ણયની સાથે આ હેતુ માટે ૪૫ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. રાજ્ય સરકારે આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં રૂ. ૧ લાખની સહાય વધારી રૂા. ૨.૫૦ લાખ કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આદિજાતિ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે દિવ્યાંગતાનું પ્રમાણપત્ર આજીવન માન્ય રાખવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો. આ ઉપરાંત આવકના દાખલાઓની માન્યતાની મુદ્દત એક વર્ષથી વધારીને ત્રણ વર્ષ કરવામાં આવી છે. સરકારી કામકાજ માટે એફીડીવીટમાંથી મુક્તિ આપી સેલ્ફ ડેકલેરેશન (સ્વપ્રમાણપત્ર) ને માન્યતા આપવાનો જનહિતલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે.

સમગ્ર દેશ જ્યારે કોરોનાકાળમાંથી ઉગરવાના પ્રયાસો કરી રહ્યો હતો ત્યારે ગુજરાત સરકારે કોરોનાને નાથવા આરંભેલા જનઆરોગ્યના મહાયજ્ઞને સફળ બનાવ્યો. રાજ્ય સરકારે આદરેલા રસીકરણથી માંડીને ઓક્સિજન ટેંક, આરોગ્ય રથ સહિતના પગલાંની નોંધ વૈશ્વિક સ્તરે લેવાઈ. કોરોના વેક્સિનની વ્યાપક અને સઘન કામગીરીના ફળ સ્વરૂપે દેશના મોટા રાજ્યોની કેટેગરીમાં શ્રેષ્ઠ ક્રમ પ્રાપ્ત કરવા બદલ ગુજરાતને ઈન્ડિયા ટુડેના એવોર્ડથી સન્માનિત કરાયું છે. કોરોના મહામારી સામે રક્ષણ મેળવવા માટે અમોઘ શસ્ત્ર સમાન કોરોના વેક્સિનના ૧૦ કરોડથી વધુ ડોઝ નાગરિકોને આપવાની આગવી સિદ્ધિ ગુજરાતે હાંસલ કરી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં (તારીખ ૨૪ માર્ચ, ૨૦૨૨ની સ્થિતિએ) ૪.૯૧ કરોડથી વધુ લોકોને કોવિડ રસીકરણનો પ્રથમ ડોઝ તથા ૪.૭૫ કરોડથી વધુ લોકોને દ્વિતિય ડોઝ આપવામાં આવ્યો છે.

રાજ્યમાં ૧૫ થી ૧૮ વર્ષની વયના યુવાનોનું કોવિડ-૧૯ રસીકરણ અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં (તારીખ ૨૪ માર્ચ, ૨૦૨૨ની સ્થિતિએ) ૧૫ થી ૧૮ વર્ષની વયના ૩૦.૫૨ લાખથી વધુ યુવાનોને કોવિડ રસીકરણનો પ્રથમ ડોઝ તથા ૨૪.૭૩ લાખથી વધુ યુવાનોને કોવિડ રસીકરણનો દ્વિતિય ડોઝ આપવામાં આવ્યો છે. રાજ્યમાં ૬૦ વર્ષથી વધુ વયના વડીલો, ફ્રન્ટલાઈન વર્કર્સ તેમજ હેલ્થકેર વર્કર્સને અત્યાર સુધીમાં (તારીખ ૨૪ માર્ચ, ૨૦૨૨ની સ્થિતિએ) ૨૨.૬૭ લાખથી વધુ પ્રિકોશન ડોઝ આપવામાં આવ્યા છે. કોરોનાને નેસ્તનાબૂદ કરવા રાજ્યમાં ૧૨-૧૪ વર્ષની વયના બાળકોનાં રસીકરણ અભિયાનમાં અત્યાર સુધીમાં (તારીખ ૨૪ માર્ચ, ૨૦૨૨ની સ્થિતિએ) ૯ લાખથી વધુ બાળકોને કોવિડ-૧૯ રસીનો પ્રથમ ડોઝ આપી દેવાયો છે. ઉલ્લેખનીય છે કે, કોરોનાની ત્રીજી લહેરને ધ્યાને રાખી તકેદારીરૂપે ૪૦૦થી ૫૦૦ મેટ્રિક ટન લિક્વિડ ઓક્સિજન ટેંક અને ૧૦,૮૯૯ ઓક્સિજન કોન્સન્ટ્રેટર સાથે ૧,૦૩,૫૦૦ ઓક્સિજન બેડ, ૧૫૦૦ આઈસીયુ બેડ, ૯,૭૦૦ વેન્ટિલેટર બેડની વ્યવસ્થા કરવામાં આવી હતી.

જનઆરોગ્યની સુરક્ષા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરેલા એક નિર્ણયથી એર એમ્બ્યુલન્સ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. સ્વસ્થ અને સુરક્ષિત ગુજરાત માટે પ્રતિબધ્ધ એવા મુખ્યમંત્રીએ સપ્તાહના દરેક શુક્રવારે આરોગ્ય દિવસ અંતર્ગત બિનચેપી રોગો અને બિમારીઓના સ્ક્રિનીંગથી સારવારની શરૂઆત કરી ૩ કરોડ ૩૦ લાખ નાગરિકોને આવરી લેવાનું સુદ્રઢ આયોજન કર્યું છે. તદ્દઉપરાંત ૪ લાખ ૩૮ હજાર ઉપરાંત નાગરિકોને ડિઝીટલ હેલ્થ આઈડી કાર્ડ અપાયા છે. વર્ષ ૨૦૨૫ સુધીમાં ગુજરાતમાં અંધત્વનો દર ઘટાડીને ૦.૨૫ ટકા સુધી લઈ જવાના ધ્યેય સાથે મોતિયા-અંધત્વમુક્ત ગુજરાત ઝુંબેશનો પ્રારંભ પણ મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે કરાવ્યો છે.

ઉત્તમ શિક્ષણ એ સુસંસ્કૃત અને શ્રેષ્ઠ સમાજનો પાયો છે. શિક્ષણ મંત્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ ૨૦૦ દિવસમાં શિક્ષણ ક્ષેત્રે અનેક અભિનવ પહેલ કરી છે. બાળકોમાં સંસ્કાર સિચનને પ્રાધાન્ય આપવા માટે શિક્ષણમાં ભાગવત ગીતાનો સમાવેશ કરી રાજ્ય સરકારે સુસંસ્કૃત સમાજના સર્જનનો પાયો શિક્ષણના માધ્યમથી નાખ્યો છે. નવી શિક્ષણ નીતિના દિશાદર્શનના રોડમેપ અને **Student Startup and Innovation Policy** ૨.૦નું લોન્ચિંગ કરી સ્ટાર્ટઅપ અને ઈનોવેશનને પ્રોત્સાહિત કરવા આર્થિક સહાય આપવામાં આવે છે. ધો.૧૦ પછીના ડિપ્લોમા તેમજ ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ મેળવતા યુવાનોને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ આપવાના નિર્ણયથી વાર્ષિક ૪.૫૦ લાખ આવક ધરાવતા રાજ્યના અનેક પરિવારના યુવાનોને આ યોજનાનો લાભ મળતો થશે. શાળાઓમાં માળાખાકીય સગવડો અને શિક્ષણમાં ગુણાત્મક સુધારા માટે મિશન સ્કૂલ એક્સેલેન્સ યોજનાના સુદ્રઢ અમલ સાથે યુનિવર્સિટીઓને વૈશ્વિક હરોળમાં લાવવા ૪ વર્ષનો પરિણામલક્ષી રોડ મેપ તૈયાર કરાયો છે. ઉપરાંત આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે ૫૦ જ્ઞાન શક્તિ રેસીડેન્શીયલ સ્કૂલ સામાજિક ભાગીદારીના ધોરણેશરુ કરી એક લાખ વિદ્યાર્થીઓને તૈયાર કરવાનું નક્કર આયોજન કર્યું છે. પાંચ લાખ યુવાનોના કૌશલ્ય નિર્માણ માટે કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. આ તમામ પગલાં ૨૦૦ દિવસ પૂર્ણ કરનાર મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારની દૂરંદર્શીતાને દર્શાવે છે.

હવે તો અગ્રેસરતા ગુજરાતની ફીતરત બની ગઈ છે. જળ વ્યવસ્થાપન હોય, આરોગ્ય કે ઔદ્યોગિક ક્ષેત્ર તમામ મોરચે ગુજરાત સદાય અગ્રેસર રહ્યું છે. આજે તો ગુજરાત વિકાસ મોડેલની દેશ અને દુનિયામાં ચર્ચા છે. ઔદ્યોગિક ક્ષેત્રની પ્રોત્સાહક નીતિ સાથે ગ્રીન એનર્જી અને પર્યાવરણની કાળજી લેવાની ગુજરાતની રીતથી સમગ્ર વિશ્વ પ્રભાવિત થયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે રોજગારી સર્જન સાથે પર્યાવરણ જાળવણીને પણ મહત્ત્વ આપ્યું છે. ભારતમાં ઈલેક્ટ્રિક વાહનો અને બેટરીના મેન્યુફેક્ચરિંગ માટે જાપાનની પ્રમુખ ઓટોમોબાઈલ કંપની સુઝુકી મોટર્સ કોર્પોરેશન **(SMC)**એ ગુજરાત સરકાર સાથે સૈ સાઈન કર્યા. આ માટે સુઝુકી ગુજરાતમાં રૂા.૧૦,૪૦૦ કરોડના રોકાણો કરશે. ગુજરાતને નેટ ઝીરો કાર્બન ફ્રી બનાવવાના હેતુ સાથે ગ્રીન એનેર્જી ક્ષેત્રમાં ૫ લાખ કરોડથી વધુનો રિલાયન્સ ઈન્ડસ્ટ્રી સાથે એમ.ઓ.યુ. થયા. જે અંદાજિત ૧૦ લાખ રોજગારીનું સર્જન કરશે. ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગ અને **POSCO**-અદાણી કોલોબરેશન વચ્ચે ગાંધીનગરમાં પબિલિયન ડોલર સુધીના રોકાણના **MOU** સંપન્ન થયા. ગુજરાતના મુન્દ્રામાં પર્યાવરણ-મૈત્રીપૂર્ણ એકીકૃત સ્ટીલ મિલની સ્થાપના તેમજ અન્ય વ્યવસાયોમાં વ્યાપક તકોનું નિર્માણ થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળની ગુજરાત સરકારે ૨૦૦ દિવસના ગાળામાં ઔદ્યોગિક, જળ વ્યવસ્થાપન, કૃષિ, આરોગ્ય, શિક્ષણ સહિત સોશ્યલ સેક્ટર્સનાં જનહિતલક્ષી લીધેલાં અનેક પગલાં સાથે નિર્ણાયકતા, કુનેહપૂર્વકની વિકાસનીતિથી સફળતા તો મેળવી છે. આની સાથે સાથે જનમાનસમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મૃદુભાષી, સાલસ, સૌમ્ય અને સરળ છતાં મક્કમ જનનાયક તરીકે પ્રસ્થાપિત કરી દીધાં છે.

સંકલન : દેવાંગ મેવાડા, નિરવ રાવલ

સોમનાથ-પ્રભાસ પાટણમાં બચારા ગધેડાંઓ હવે સાવ લુપ્ત થયાં

ઝડપી યુગ, પરંપરાગત બદલાતા વ્યવસાયો અને અદ્યતન વાહનોની પ્રાપ્યતાનાં કારણે શહેરમાં હવે માત્ર ત્રણ જ ગધેડાં

(મિનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ નગર પ્રભાસ પાટણની જુનાવાણી સમયની અનેક ઈમારતો બાંધવામાં જેનો ટાંટીયાતોડ મહેનતથી રેતી, કસ્તર, ટાચોડા સાર્યા છે તેવા ગધેડાંની જાતી હવે સાવ લુપ્ત થઈ છે.

એક જમાનામાં પ્રભાસ પાટણમાં માટીકામ તથા કપડા ધોવા વ્યવસાય તેમજ માલની હેરફેર માટેનું મહત્વનું મનાતું ગધેડું હવે માત્ર ચિત્રમાં જ જોવા મળશે. માટી કામ કરતા વ્યવસાયિકોએ પોતાનો વંશપરંપરાગત ધંધો બદલી નાખ્યો છે અથવા તો નોકરી, ધંધા, વેપારમાં લાગ્યા છે. બાકી પ્રભાસ પાટણમાં ૧૫૦ થી ૨૦૦ જેટલા ગધેડાંઓ હતા. પહેલા લોકો કપડા ધોવા ગધેડાં ઉપર જતાં હવે સ્કુટર કે બાઈક ઉપર કપડા ધોવા જાય છે જેથી ઝડપી પહોંચી શકાય અને સમય બચે.

તાજેતરનાં સર્વેમાં જણાવાયું છે કે છેલ્લા સાત વર્ષમાં ગુજરાતમાં ૭૧ ટકા ગધેડાંઓ ઘટયા છે. સોમનાથનાં મોહના માવજી ચૌહાણ કહે છે કે હાલ એક ગધેડું હતું તે અમોએ અમારા સગાને આપી દીધું છે. તો અન્ય કપડા ધોવાનાં વ્યવસાય કરતા મહેશ ચુડાસમા પણ તેનાં ગધેડાંને સગાવહાલાને કોઈપણ જાતનાં પૈસા લીધા વગર આપી દીધું. હાલ ગામમાં માત્ર ત્રણથી ચાર જ ગધેડાં છે. વેરાવળ-પાટણ હાઈવે ઉપર ખાસ ગધેડાં ગલી હતી. જેમાં રાજસ્થાનની મહિલા મજુરો મકાન બાંધકામમાં મટીરીયલ હેરફેર કરી રોજીરોટી કમાતા હતાં. પરંતુ હવે તો નાની સાઈઝની ગલીઓમાં જઈ શકે તેવી ટ્રોલીવાળા ટ્રેકટર હોવાથી ધંધો પણ ચોપટ થયો અને ગધેડાંઓ અલોપ થઈ ગયા. એક સમયે કોઈને સરખું ભણતાર આવડતું ન હોય તેને 'ગધેડાં જેવો છે' તેમ ગુસ્સાથી ઠપકો અપાતો તે પણ ભૂતકાળ બની ગયો છે. બાકી માલીકને વફાદાર, સમજદાર પોતાની મેળે ઉકરડામાંથી પણ પેટ ભરવાની સ્વાવલંબના ખુબી ધરાવતા ગધેડાં આ યુગમાં લુપ્ત થયાં તે બદલાતા સમયની બલીહારી હોય તેમ માનવું પડે છે.

મત્સ્યોદ્યોગના હબ એવા વેરાવળ બંદરમાં આધુનિક સુવિધા વધારવા અને નિયમિત ડ્રેજીંગ કરાવવાના પ્રશ્નો ઉઠાવી ધારાસભ્યએ વિધાનસભામાં સરકારને ઘેરી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨

મત્સ્યોદ્યોગના હબ ગણાતા એવા વેરાવળ બંદરમાં જરૂરીયાત મુજબની સુવિધા વધારવા તથા નિયમિત ડ્રેજીંગની કામગીરી કરાવવા ઉપરાંત ગત વર્ષે આવેલ વાવાઝોડામાં દરીયામાં લાપતા બનેલ પાંચ માછીમારોના પરીવારજનોને સહાય આપવા સહિતના પ્રશ્નો વિધાનસભાના સત્રના ફલોર ઉપર સોમનાથના કોંગી ધારાસભ્યએ ઉઠાવી તે સંબંધે કાર્યવાહી કરી ઉકેલવાની માંગ કરી હતી.

સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા દ્વારા વિધાનસભા સત્રમાં બંદર અને માછીમારોના પ્રશ્નોને લઈ સરકાર ને ઘેરતા પ્રશ્નો અંગે રજુઆત કરતા જણાવેલ કે, મત્સ્યોદ્યોગનું હબ ગણાતા એવા સૌથી મોટું વેરાવળ બંદરમાં જરૂરીયાત મુજબની સુવિધાનો અભાવ હોવાથી માછીમારો મુશ્કેલી અનુભવી રહ્યા છે અને તેની વિપરીત અસર મત્સ્યોદ્યોગ ઉપર પડી રહી છે. આ બંદરની ક્ષમતા કરતા ચારેક ગણી એટલે કે અંદાજે પાંચ હજારથી વધારે બોટો કાર્યરત છે. જેના કારણે બોટો પાર્કીંગ, સાફ સફાઈ અને દરીયામાં જવા સમયે ભારે અડચણ ઉભી થાય છે. જેથી ઘણી વખત ઝઘડાઓ પણ થાય છે. તો બંદરમાં નિયમિત ડ્રેજીંગની કામગીરી ન થતી હોવાથી બોટોના અકસ્માતો પણ થઈ રહ્યા હોય માછીમારોને નુકસાન થાય છે. ત્યારે આ બંનેબાબતોને ધ્યાને લઈ બંદરમાં નવી જેટી જેવી સુવિધા વધારવા અને નિયમિત ડ્રેજીંગ બાબતે નિતી ઘડવા માંગ છે.

વધુમાં અનેક કારણોસર મત્સ્યોદ્યોગ અને માછીમારો આર્થીક મુશ્કેલીનો સામનો કરતા હોય તેઓને સમયસર નિયમિત સબસીડીની રકમ મળે તેવી વ્યવસ્થા અમલી બનાવવા માંગ છે. માછીમારી કરવા માટે બોટ દીઠ વાર્ષિક ૨૧ હજાર લીટરનો ક્વોટો છે જે ડબલ કરી ૪૨ હજાર લીટર કરવા તેવી જ રીતે ફાયબરની નાની હોડીઓને પ્રતિ મહિને ૧૫૦ લિટર કેરોસીન ફાળવવામાં આવે છે જે ત્રણ ગણું વધારી ૪૫૦ લીટર કરવાની માંગ છે. હાલ ખુલ્લા બજારમાં ડિઝલના ભાવ રૂ.૯૬.૯૭ છે જયારે બંદરમાં રૂ.૧૧૫.૫૦ છે. આ ડિઝલના ભાવ વધારાના કારણે માછીમારોને આર્થિક રીતે મુશ્કેલીઓ પડતી હોવાથી ભાવોમાં સમાનતા લાવવી જરૂરી છે.

આ ઉપરાંત વેરાવળમાં ફિશરીઝ કોલેજ આવેલ છે જેમાં આશરે ૩૦૦ જેટલા વિધાર્થીઓ અભ્યાસ કરે છે પરંતુ કોલેજમાં ફાયરની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી એક માસ પહેલા કોલેજ સીલ કરવામાં આવેલ છે જેથી વિધાર્થીઓ શિક્ષણથી વંચિત છે જે પ્રશ્ન હલ કરવા તથા ગત વર્ષે આવેલ વાવાઝોડામાં વેરાવળ ખારવા સમાજના પાંચ માછીમારો દરીયામાં લાપતા થયા જેઓનો આજ સુધી પતો મળ્યો ન હોવાથી તેમના પરીવારજનોને જીવન નિર્વાહ કરવું મુશ્કેલ બનેલ હોવાથી આ પરીવારોને વહેલીતકે સહાય આપવા માંગ કરી છે. આ તમામ પ્રશ્નો અને સરકાર વ્હેલીતકે કાર્યવાહી કરી ઉકેલ લાવે તેવી માંગણી કરી છે.

ખંભાળિયામાં આજથી ત્રિદિવસીય ૨૪ કુંડી ગાયત્રી યજ્ઞનો પ્રારંભ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા ખાતે આજ શનિવાર તારીખ ૨ થી સોમવાર તારીખ ૪ સુધી ત્રણ દિવસ દેવ પરિવાર વિસ્તાર ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. અને આજથી પ્રારંભ થયો છે. ગાયત્રી તીર્થ શાંતિ કુંજ સુવર્ણ જયંતી વર્ષની ઉજવણીના ભાગરૂપે ખંભાળિયામાં યોગેશ્વર નગર-૨ ખાતે આવેલા ગાયત્રીશક્તિપીઠ મંદિરમાં આ ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ યોજવામાં આવ્યો છે. તેમાં શનિવાર તા. ૨ ના રોજ પ્રથમ દિવસે સવારે આઠ વાગ્યે તથા સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી સદગુરૂ જ્ઞાન ગંગા સદગ્રંથની શોભાયાત્રા તથા સંગીત પ્રવચન અને વર્તમાન સમસ્યાનું સમાધાન કરાયું હતું. રવિવાર તારીખ ૩ ના રોજ બીજા દિવસે સવારે ૬ થી ૭:૩૦ સુધી સામૂહિક ધ્યાન, પ્રજ્ઞાયોગ, વ્યાયામ બાદ સવારે ૮ થી ૧૨ દેવપૂજન ગાયત્રી મહાયજ્ઞ વિવિધ સંસ્કાર અને બપોરે ત્રણથી ચાર કાર્યકર્તા ગોસ્ઠિ, સાંજે ૫ થી ૭ સંગીત પ્રવચન થશે. અંતિમ દિવસે સોમવાર તારીખ ૪ ના રોજ સવારે છ થી સાડા સાત સામૂહિક જપ, ધ્યાન, પ્રજ્ઞાયોગ તથા બાદ સવારે ૮ થી ૧૨ વાગ્યા સુધી ગાયત્રી મહાયજ્ઞ અને ત્યારબાદ પૂર્ણાહુતિ સાથે મહેમાનોની વિદાય યોજાશે. વર્તમાન સમયમાં વૈચારિક પ્રદુષણના કારણે પરિવારો માનસિક રીતે ક્ષતિગ્રસ્ત થઈ રહ્યા છે. હાલ આધ્યાત્મિકતાની દ્રષ્ટિએ અહીં દૈવત્વનો અભાવ હોય, સ્વામી રામશર્મા આચાર્યજી દ્વારા સૂક્ષ્મ જગતના પરિશોધન માટે દેવ પરિવાર વિસ્તાર દ્વારા આ ૨૪ કુંડીય ગાયત્રી યજ્ઞનું આયોજન થયું છે. આ યજ્ઞ સંદર્ભેની માહિતી માટે કાર્યકરો ચંદ્રિકાબેન (૯૩૧૬૦ ૫૯૧૫૬), સામતભાઈ: (૯૪૨૭૫ ૭૩૪૧૦) તથા પુંજાભાઈ (૯૩૭૪૮ ૧૭૧૪૮) નો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયું છે.

કૃષિ યુનિવર્સિટીમાંથી નિવૃત થતા પ્રો.વી.જી.બારડને વિદાયમાન અપાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી જૂનાગઢના કચેરી વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીમાં સરદાર સ્મૃતિ કેન્દ્ર ખાતે ફરજ બજાવતા પ્રોફેસર વી.જી. બારડ વય નિવૃત્તિને કારણે તા. ૩૧/૩/૨૨ ના રોજ નિવૃત થયા છે. તેમના નિવૃત્તિ દરમ્યાનના કાર્યક્રમના વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીના સઘડા સ્ટાફે ભાવ ભરી વિદાય આપી હતી. આ પ્રસંગે વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.એચ.એમ. ગાજીપરા યે જણાવ્યું કે, તેમની કુશળતા અને કામ કરવાની ધગશથી સરદાર સ્મૃતિ કેન્દ્ર વિસ્તરણ પ્રવૃત્તિઓથી ધમ-ધમતું રહ્યું હવે પછીનું તેનું જીવન સુખરૂપ તંદુરસ્ત અને કુટુંબ સાથે આનંદથી વિતાવે તેવી મારી શુભ કામના છે. તેઓ નિડર, સાહસિક, પ્રામાણિક અને નિષ્ઠાવાન અધિકારી તરીકેની જે ફરજ બજાવી છે. તે યુનિવર્સીટીન ખોટ પણ છે. આ પ્રસંગે ડો.એ.એમ. પારખીયા, ડો.જી.આર.ગોહિલ, પ્રતાપભાઈ વાળા, હરીભાઈ જાદવ વગેરેએ તેમની કામગીરીના ભરપુર વખાણ કર્યા હતા. તદ ઉપરાંત તેમના ધર્મ પત્ની કમળાબેન બારડ તેમના પુત્ર ડો.અભ્યુદયસિંહ તેમના પુત્ર વધુ પ્રિયંકાબેન તેમજ તેમની પુત્રી ધૃતિ વગેરે કુટુંબના સભ્યો હાજર રહી આ કાર્યક્રમમાં સહ ભાગી થયા હતા. તેમને રીસર્ચ પેપર પબ્લિસ્ડ – ૧૦ કરેલ, ૨. પોપ્યુલર આર્ટીકલ– ૪૭ ૩. રેડિયો ટોક – ૭ ૪. કૃષિ સાહિત્ય સંપાદકની કામગીરી – બૂક/બુકલેટ/ફોલ્ડર – ૫૯ ૫. કૃષિ પ્રદર્શન – ૪૬ (લાભાર્થી: ૧૧૦૮૩૧૮) ૬.કૃષિ મેળા – ૨૪(લાભાર્થી: ૧૧૯૭૧૪૦) ૭. તાલીમનું સંકલન : ભાઈઓની તાલીમ – ૩૪૨ (લાભાર્થી: ૧૧૯૭૨)) બહેનોની તાલીમ– ૧૪૦ (લાભાર્થી: ૭૪૯૨) વિસ્તરણ કાર્યકરોની તાલીમ – ૮ (લાભાર્થી: ૨૬૧) કુલ તાલીમનું સંકલન – ૪૯૦ (લાભાર્થી: ૧૯૭૨૫)૮. ટેલીફોનીક/રૂબરૂ મુલાકાતીઓને માર્ગદર્શન – ૧,૮૫,૮૩૪ આપેલ હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

ભૂપેન્દ્રભાઈ પટેલમાં સૌ કોઈને થઈ રહેલી સાલસ, સૌમ્ય અને સરળ વ્યકિતત્વ સાથે મક્કમ નિર્ણયશકિતની અનુભુતિ

ખેડૂતો હિતલક્ષી નિર્ણયો લઇને ધરતીપુત્રો પડખે અડિખમ ઉભા રહેતા મુખ્યમંત્રી

રાજ્યના ખેડૂતો અને પશુપાલકોની સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર પ્રતિબધ્ધતાની ધરતીપૂત્રોને પ્રતિતી છે. ગુજરાત સરકારના હૈયે હરહંમેશ ખેડૂતોનું હિત રહ્યુ છે. ખેડૂતોના સુખે સુખી અને ખેડૂતોના દુઃખે દુઃખી એવી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મૃદુ છતાંમક્કમ ઉર્જાવાન નેતૃત્વ હેઠળની સરકારે ગુજરાતના ખેડૂતોના સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટે અનેકખેડૂત હિતલક્ષી નિર્ણયો લીધાં છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાત અને કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના માર્ગદર્શનમાં કૃષિ વિભાગે ગત ૨૦૦ દિવસમાં ખેડૂતો માટે અનેકવિધ પગલાં લીધાં છે. છેલ્લા અઢી દાયકાથી રાજયના ખેડૂતોના પરિશ્રમના પ્રસવેદ અને રાજ્ય સરકારની ખેડૂતહિતલક્ષી નીતિઓના સમન્વયના પરિણામે ગુજરાતનો ખેડૂત વર્ષમાં ત્રણવાર પાક લેતો થયો છે. ખેત ઉત્પાદન અને ઉત્પાદકતામાં ધરખમ વધારો જોવા મળ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની નવી ટીમ ગુજરાતે શપથ લીધા એ વખતે રાજ્યના કેટલાક વિસ્તારમાં ભારે વરસાદ થયો હતો. પળભરનો પણ વિલંબ કર્યા વિના મુખ્યમંત્રીશ્રી ખેડૂતો અને અસરગ્રસ્તોની વહારે ધસી ગયા. ભારે વરસાદથી થયેલા પાક નુકશાન અન્વયે પ્રથમ તબક્કામાં જામનગર, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ જિલ્લાના ૨૩ તાલુકાઓના ૬૮૨ ગામોના ખેડૂતોને મદદરૂપ થવા માટે તેમણે કુલ રૂા. ૫૪૭ કરોડનુ માતબર સહાય પેકેજ જાહેર કર્યું હતુ. બીજા તબક્કામાં રાજયના અમદાવાદ, અમરેલી, ભરૂચ, ભાવનગર, બોટાદ, છોટાઉદેપુર, જૂનાગઢ, પંચમહાલ અને વડોદરા એમ મળી કુલ નવ જિલ્લાના ૩૭ તાલુકાઓના ૧૫૩૦ ગામોના ખેડૂતોને માટે કુલ રૂા. ૫૩૧ કરોડનુ આર્થિક સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. દિવસે ને દિવસે પ્રાકૃતિક ખેતીની માંગઅને જરૂરીયાત વધતી જાયછે. રાજયના ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી સ્વસ્થ, તંદુરસ્ત સમાજનું નિર્માણ કરી શકે તેમજ ખેતીના ઉત્પાદન ખર્ચમાં ઘડાટો કરી શકે છે. પ્રાકૃતિકખેતીની આવી જરૂરીયાતને ધ્યાને લઈને જમીન વધુ ફળદ્રુપ બને અને રાસાયણિક ખાતરોથી જમીનને થતાનુકશાનને અટકાવવા માટેગાય આધારિત પ્રાકૃતિક ખેતીને વિશેષ પ્રાધાન્ય આપી ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડની રચના કરવામાંઆવી છે. તે માટે વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં રૂા.૧૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. ગૌશાળા, પાંજરાપોળો અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓને ગૌવંશ નિભાવ અને માળખાકીય સગવડોના વિકાસ માટે “મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના’ શરૂ કરવામાં આવી છે. આ માટે રૂા. ૫૦૦ કરોડની આર્થિક જોગવાઈ કરવામાંઆવી છે. ખેડૂતના હિતને કેન્દ્રસ્થાને રાખી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત પ્રત્યેક ખેડૂત ખાતેદારને વાર્ષિક રૂ. ૬ હજાર સહાય આપવાની યોજનાનો સુદ્રઢ અમલ કરવામાં આવી રહ્યો છે. આ યોજના અંતર્ગત, આજ સુધી ગુજરાતનાં આશરે ૬૧ લાખ જેટલા ખેડૂત ખાતેદારોને તેમના બેન્ક ખાતામાં રૂા. ૧૦ હજાર કરોડ જમા થયા છે. ખેડૂતોને સિંચાઈ, યોગ્ય બિયારણ વગેરે સુવિધા મળે તો ખેડૂતોના બાવડામાં કણમાંથી મણ પેદા કરવાની તાકાત છે. કિસાનોને બિયારણ તથા અન્ય ખેતી કાર્યો માટે ખરીફ પાકના ધિરાણમાં વ્યાજ સહાય આપવામાં આવે છે. ધરતીપૂત્રોને ખરીફ ઉપરાંત રવિઅને ઉનાળુ પાક માટે પણ વ્યાજ સહાય મળી રહે તે માટે સાથે જ પશુપાલકો અને માછીમારોને કૃષિ સમકક્ષ ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ સહાય આપવાની નવીયોજના શરૂ કરવામાં આવી છે. જેનાથી બંને ક્ષેત્રોમાં ૮થી ૧૦ હજાર કરોડનું ધિરાણ મેળવી શકાશે. રાજયનાં ખેડૂતોને દેશ દુનિયામાં થતી ખેતી, હવામાન, જરૂરી માર્ગદર્શન આંગળીના ટેરવે મળી રહે તેવા હેતુથી ગુજરાત સરકાર સ્માર્ટ ફોન ખરીદવા માટે સહાયઆપે છે. અગાઉ આ યોજના અંતર્ગત ખેડૂતોને રૂા. ૧૫૦૦૦ સુધીની કિંમત પર એક સ્માર્ટફોનની ખરીદીમાં સહાય મળવાપાત્ર થતી હતી. જેમાં ખેડૂતને સ્માર્ટ ફોનની ખરીદ કિંમતના ૧૦% સહાય અથવા રૂા.૧૫૦૦ બેમાંથીજે ઓછુ હોય તે સહાય મળવાપાત્ર થતી હતી. સ્માર્ટફોન માટે સહાયના ધોરણોમાં સુધારો કરીને હવે ખેડૂતોને રૂા. ૧૫૦૦૦ સુધીની કિંમતના એક સ્માર્ટ ફોનની ખરીદી પર ખરીદ કિંમતના ૪૦ટકા સહાય અથવા રૂા. ૬૦૦૦ બેમાંથી જે ઓછુ હોય તે સહાય ચુકવવામાં આવશે. રાજ્યનાં ૧ લાખ ખેડૂતોને સ્માર્ટ ફોન વસાવવા માટે વિશેષ સહાય અંગે યોજનાને મંજૂરી આપી છે. આ યોજના હેઠળ આઈ-ખેડૂત પોર્ટલ પર ખેડૂતો

ઓનલાઈન અરજીઓ ઘર બેઠા કરી શકે છે. ખેડૂતોને વીજ જોડાણ તેમજ રાહત દરે વીજળી ઉપલબ્ધ કરાવવા સરકારદ્વારા રૂા. ૮ હજાર ૩૦૦ કરોડ જેવી માતબર રકમની સબસીડી આપવામાંઆવેછે. વીજ જોડાણ માટે હાલમાં પડતર બધી અરજીઓનો આઝાદીના અમૃત મહોત્સવ પર્વ પહેલા નિકાલ કરી ખેડૂતોને વીજ જોડાણ આપવાનો સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. તેમજ રાજયના ધરતીપુત્રોના માંગણી અનુસારના પેન્ડીંગ વીજ કનેક્શનો સત્વરે પૂરા પાડવાના મક્કમ નિર્ધાર સાથે રૂા. ૧૦૪૬ કરોડની માતબર રકમની ફાળવણી બજેટમાં કરવામાં આવી છે. આ ઉપરાંત ખેડૂતોને દિવસે લાઈટ અને રાત્રે આરામ મળી રહે તેમજ હિંસક પ્રાણીઓનો ડર ન રહે તે માટે ખેડૂતોને રાત્રીના બદલે દિવસે ખેતી માટે વિજળી પૂરી પાડતી કિસાન સૂર્યોદય યોજના ખેડૂતો માટે ઉપકારક બની રહી છે. આ કિસાન સૂર્યોદય યોજના માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં રૂપિયા ૧૪૦૦ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરીછે. ખેડૂતો ખેતીમાં નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરતા થયા છે, ખેડૂતોને પ્રોત્સાહન મળી રહે માટે વિષેશ અંદાજપત્રીય જોગવાઈ કરવામાં આવી છે. ડ્રોનના ઉપયોગથી ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ કરી ઉત્પાદન વધે અને કૃષિ ઈનપુટ ખર્ચ ઘટે, તે માટે નવતર અભિગમ અમલમાં મુકવા માટે બજેટમાં રૂા. ૩૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે. ખેડૂતોને પોષણક્ષણ ભાવો મળી રહે તે માટે સરકારે હરહંમેશ ચિંતા કરી છે. આ વર્ષે રવિ સિઝનમાં ચણાનું વધુ વાવેતર થવાથી ઉત્પાદન વધવાની સંભાવનાને ધ્યાને લઈને અગાઉથી જ સજાગતા દાખવતા રાજ્ય સરકારે ખેડૂતોને ચણાના પોષણક્ષમ ભાવો અપાવવા કટિબદ્ધતા દાખવી હતી. જેના પરિણામે કેન્દ્ર સરકારે ચાલુ વર્ષે ચાર લાખ પાસઠ હજાર મેટ્રિક ટન ચણાનો જથ્થો ગુજરાત રાજયના ખેડૂતો પાસેથી ખરીદવા મંજુરી આપી છે. ખેડૂતો પાસેથી રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવથી ૧૨૫ મણ ચણાની ખરીદી કરવાનો મહત્વનો નિર્ણય કરવામાં આવ્યોછે. ચણાની ટેકાના ભાવે ખરીદી માટે ૩.૩૮ લાખ ખેડૂતો દ્વારા નોંધણી કરાવવામાંઆવી છે અને ૧૮૭ કેન્દ્રો ઉપરથી ખરીદી શરુ કરવામાં આવી છે. આ કેંદ્રો પરથી તા.૨૮-૩-૨૨ સુધીમાં ૬૯૪૧૯ ખેડૂતો પાસેથી રૂ.૭૨૨ કરોડ ૨૬ લાખના મૂલ્યનો ૧ લાખ ૩૮ હજાર મે.ટન જથ્થો ખરીદ કરવામાં આવ્યો છે. ખરીફ-૨૦૨૧માંફેબ્રુઆરી-૨૦૨૨ અંતિત ૫૦,૦૬૧ ખેડૂતો પાસેથી રૂા. ૫૨૮.૧૭ કરોડના મૂલ્યની કુલ ૯૫૩૩૧.૮૨ મે.ટન મગફળી તથા અન્ય કઠોળની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી મેક ઈન ઈન્ડિયા અને લોકલ ફોર વોકલને વિશેષ પ્રાધાન્ય આપી રહ્યાં છે ત્યારે આ દિશામાં મક્કમતાથી આગળ વધતી ગુજરાત સરકારે “મેક ઈન ઈન્ડીયા” અને “વોકલ ફોર લોકલ”ના મીશનને બળ આપવા ટ્રેક્ટરના સ્થાને ઉપયોગી થાય તેવા “સનેડો”-કૃષિ સાધનની ખરીદીમાં અંદાજિત ૪૦૦૦ ખેડૂતોને રૂા. ૨૫,૦૦૦ સુધીની સહાય આપવાની દિશામાં ગુજરાત આગળ વધી રહ્યું છે. આ માટે રૂ. ૧૦ કરોડની આર્થિક જોગવાઈ કરવામાં આવી છે.

- હર્ષદ રૂપાપરા

મૃદુ પરંતુ મક્કમ મુખ્યમંત્રીની દુરંદેશીતા અને ગુજરાતના યુવાનોના સામર્થ્ય વડે નવા ભવ્ય અને દિવ્ય ગુજરાતનું નિર્માણ આકાર લઈ રહ્યું છે

સ્વામી વિવેકાનંદ ભારતના યુવાનોને પોતાના ગૌરવશાળી અતીત અને વૈભવશાળી ભવિષ્યની એક મજબૂત કડીના રૂપમાં જોતા હતા. વિવેકાનંદજી કહેતા હતા કે, બધી જ શક્તિ તમારી અંદર છે તે શક્તિને પ્રગટ કરો, તેની ઉપર ભરોસો કરો કે, તમે બધું જ કરી શકો છો. પોતાની જાત પર આ વિશ્વાસ, અશક્ય લાગનારી વાતોને શક્ય બનાવવાનો આ સંદેશ આજે પણ દેશના યુવાનોની માટે એટલો જ પ્રાસંગિક છે, યથોચિત છે. ભારતનો આજનો નવયુવક આ વાતને ખૂબ સારી રીતે સમજી રહ્યો છે, પોતાની જાત ઉપર વિશ્વાસ કરીને આગળ વધી રહ્યો છે. વિશ્વના સૌથી યુવા દેશ એવા ભારતમાં ૩૫ વર્ષની વય સુધીની જન સંખ્યા ૬૫ ટકા છે. ગુજરાત પણ ૬૫ ટકા ઉપરાંત યુવાશક્તિ ધરાવતુ રાજ્ય છે. યુવાનો ગતિશીલ અર્થતંત્ર અને મજબૂત સમાજનું પ્રતિનિધિત્વ કરે છે. ગુજરાત વિકાસયાત્રાના પાયામાં યુવાશક્તિનું બહુ મોટુ યોગદાન રહેલુંછે. કોઈ પણ રાષ્ટ્ર, પ્રદેશ કે રાજ્યની વિકાસ ઈમારત યુવાશક્તિના મજબુત ખભા ઉપર ઉભી હોય છે. આજનો યુવાન એ આવતીકાલના રાષ્ટ્રનું ભવિષ્ય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મૃદુ છતાં મક્કમ નેતૃત્ત્વ હેઠળ રાજ્ય સરકારે પરિણામલક્ષી અને નક્કર આયોજન દ્વારા ગુજરાતના યુવાધન માટે પ્રત્યેક હાથને કામના મંત્રને આત્મસાત કર્યો છે. રાજ્યના યુવાધનને પ્રગતિના સાચા માર્ગ તરફ વળીને ગુજરાત સરકારે રાજ્યનો બહુઆયામી વિકાસ કર્યો છે. યુવાનોની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ પરિપૂર્ણ કરી શકાય તે માટે ગુજરાત સરકારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના ઉર્જાવાન નેતૃત્વ હેઠળ રાજ્યના યુવાનો માટે રોજગાર અને સ્વરોજગારની વિશાળ તકોના દરવાજા ખોલ્યા છે. રાજ્ય સકરાર યુવાશક્તિને વધુસશક્ત બનાવવા માટે પ્રતિબધ્ધછે. યુવાનોને સ્વરોજગારી તથા ઉદ્યોગ સાહસિકતા માટે પ્રેરવા રાજ્ય સરકારે નીતિ જાહેર કરી છે. ગુજરાતનો યુવાન જોબ સિકર નહીં પણ જોબ ગીવર બની રહે તે માટેરાજ્ય સરકાર જરૂરી પ્રોત્સાહન પૂરૂ પાડવાતત્પર છે. ગુજરાતના યુવાનોના હાથને યોગ્ય કામ અને મહેનતને યોગ્ય દામ મળે તે માટે ગુજરાતે પરિણામલક્ષી કામગીરી આદરી છે, તે જાણવા માટે રાજ્ય સરકારના નિર્ણયો અને કાર્યો ઉપરદ્રષ્ટીપાતકરવો રહ્યો. ભારતીયસંસ્કૃતિમાં સંસ્કારનું મુલ્ય ખુભ ઉચું છે અને વ્યક્તિ સંસ્કારથી જ પોતાના ઉચ્ચત્તમ મૂલ્યોને હાંસલ કરે છે એટલે જ બાળકોમાં સંસ્કાર સિચનને પ્રાધાન્ય આપવા માટે રાજ્ય સરકારે શિક્ષણમાં ભાગવત ગીતાનો સમાવેશ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. ડિપ્લોમાં થયેલ યુવાન ઉચ્ચ અભ્યાસ સરળતાથી કરી શકે તે માટે ધોરણ ૧૦ પછીના ડિપ્લોમાં તેમજ ડિપ્લોમામાંથી ડિગ્રીમાં પ્રવેશ મેળવતા યુવાનોને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો આપવાનો નિર્ણય કરાયો છે. છેવાડામાં વસ્તા યુવાનોની ગુણવત્તાયુક્ત વૈશ્વિક ટેકનોલોજી સાથે શિક્ષણ મળે તે માટે રાજયની શાળાઓમાં માળખાકીય સગવડો અને શિક્ષણમાં ગુણાત્મક સુધારા માટે મિશન સ્કુલ એક્સેલેન્સ યોજનાનો સુદ્રઢ અમલ કરવામાં આવ્યો છે અને રાજ્યની યુનિવર્સિટીઓને વૈશ્વિક કક્ષાની બનાવવા માટે આગામી ૪ વર્ષનો પરિણામલક્ષી રોડ મેપ તૈયાર કરવામાં આવ્યો છે. આઈટી ક્ષેત્રમાં વર્ષે ૨૫ હજાર કરોડની નિકાસના લક્ષ્ય સાથે ગુજરાતમાં **IT** અને **Ites** પોલિસી જાહેર કરવામાં આવી છે. તેના લીધે આગામી પાંચ વર્ષમાં ૨ લાખ નવી રોજગારીની તકો રાજ્યમાં નિર્માણ થશે. નવી શિક્ષણ નીતિના દિશાદર્શનના રોડમેપ અને **Student Startup and Innovation Policy** ૨.૦નું લોન્ચિંગ થયું જે અંતર્ગત સ્ટાર્ટઅપ અને ઈનોવેશનને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકારના આ નીતિ અન્વયે આર્થિક સહાય આપે છે. ગુજરાત સરકાર દ્વારા બાયોટેકનોલોજી પોલિસી ૨૦૨૨-૨૭ની જાહેરાત કરવામાં આવી છે. આ નવી બાયોટેકનોલોજી પોલિસી ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવશે. આ પોલિસી અંતર્ગત સ્પેશિયલ પ્રોજેક્ટસને સહાય અને સપોર્ટ આપવામાં આવશે અને ૧ લાખ નવી રોજગારીનું સર્જન થશે. ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૨થી વર્ષ ૨૦૨૭ માટે નવી રમતગમત નીતિ **(Sports Policy)** જાહેર કરી છે, જેનાથી ગુજરાતમાં ભવિષ્યની સ્પોર્ટસ ઈકોસિસ્ટમ માટેનો માર્ગ મોકળો કર્યો છે. આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે ગુજરાતના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ નિવાસી ધોરણે આપવા માટે ૫૦ જ્ઞાન શક્તિ રેસીડેન્શીયલ સ્કૂલ સામાજિક ભાગીદારીના ધોરણે શરૂ કરી એક લાખ વિદ્યાર્થીઓને તૈયાર કરવાનું નક્કર આયોજન કરવામાં આવ્યું છે. કોરોના કપરા કાળને કારણે જે યુવાનોને ઉમર વધી ગઈ હતી અને સ્પર્ધાત્મક પરિક્ષામાં બેસવા માટે ગેરલાયક ઠરતા હતા તેમને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓની વય મર્યાદામાં એક વર્ષનો વધારો કરવાનો યુવાહિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. યુવાનો રાજ્યના હેરીટેજને જાણે, હેરીટેજનું સંરક્ષણ કરે અને સાથે જ હેરીટેજ ટુરિઝમ દ્વારા રોજગારીનું સર્જન થાય તેમાટે હેરિટેઝ પોલિસીની જાહેરાત કરી છે. રાજય સરકારના" હર હાથ કો કામ, હર ખેતકો પાની" સ્વપ્નને સાકાર કરવા માટે રાજ્યમાં કુલ ૪૬ રોજગાર કચેરીઓ દ્વારા રોજગારલક્ષી વિવિધ સેવાઓ આપવામાં આવે છે. ભારત સરકારનાં શ્રમ રોજગાર મંત્રાલય તરફથી પ્રકાશિત અહેવાલ મુજબ રોજગાર કચેરી દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે છે. રોજગાર કચેરીઓ દ્વારા ખાનગી ક્ષેત્રે છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ૧૭,૩૧,૭૫૯ ઉમેદવારોને તેમજ ચાલુ વર્ષમાં ફેબ્રુઆરી સુધીમાં ૨,૪૧,૪૭૭ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં ઉદ્યોગીકરણ તથા ઉપલબ્ધ રોજગારીની તકો તથા રાજ્ય સરકારના ઉત્તમ પ્રયત્નોના કારણે રાજ્યમાં બેરોજગારી સતત ઓછી રહેલ છે. મીનીસ્ટ્રી ઓફ સ્ટેટીસ્ટીકસ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશન **(MOSPI)**, ભારત સરકાર દ્વારા જુલાઈ-૨૦૨૧માં પ્રકાશિત થયેલ અહેવાલ અનુસાર તમામ વયજૂથમાં ગુજરાતનો બેરોજગારીનો દર ફક્ત ૨.૦ છે. જે દેશના તમામ રાજ્યોમાં સૌથી નીચો છે. આ સિધ્ધિઓ હાસલ કરવા માટે સરકાર દ્વારા વિવિધ પહેલ કરે છે જેવી કે, રાજ્યના કોઈ પણ વિસ્તારનો ઉમેદવાર રોજગાર કચેરી સાથે સીધો સંપર્ક કરી શકે તે હેતુથી કોલ સેન્ટરની સુવિધા ઉભી કરેલ છે. આ સેવાને યુવાનો દ્વારા અભૂતપૂર્વ પ્રતિસાદ મળેલ છે. જેનો લાભ એક લાખથી વધુ યુવાનોએ લીધો છે. આ પોર્ટલ થકી યુવાનો તેઓની લાયકાતને અનુરૂપ રોજગારી પણ મેળવે છે. રાજ્યના ઔદ્યોગિક એકમોમાં સ્થાનિક લોકોને રોજગારીની મળી રહે તે માટે રાજ્યમાં આવેલા ઉદ્યોગોમાં કામદાર વર્ગની ઓછામાં ઓછી ૮૫%, સુપરવાઈઝર કક્ષાની ઓછામાં ઓછી ૬૦% અને એકંદરે ૮૫% જગ્યાઓ સ્થાનિકોથી ભરવાની નીતિ અમલમાં મૂકેલ છે. ઉમેદવારોને નોકરીદાતાઓને એક મંચ ઉપર એકત્રિત કરી નોકરીદાતાઓને કુશળ માનવબળ તથા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવા માટે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવે છે. રાજ્યનો યુવાન કૌશલ્ય સાથે રોજગાર મેળવે તે માટે રાજ્યના દરેક તાલુકાઓમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ થકી રાષ્ટ્રીય –રાજ્યકક્ષાના વિવિધ પ્રકારના ૧૨૫ અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. વડાપ્રધાનના વિઝનથી યુવાનોમાં હેન્ડ્સઓન તાલીમ મળી રહે તે માટે ભારત સરકારે નેશનલ એપ્રેન્ટીનસશીપ પ્રમોશ સ્કીમ વર્ષ ૨૦૧૬થી અમલમાં મુકેલ હતી. તમામ રાજ્યોમાં ગુજરાતે પહેલ કરી, તેના હેતુને અનુસરતી મુખ્યમંત્રી એપ્રેન્ટીન્સશીપ તાલીમ યોજના શરૂ કરી વધુમાં વધુ યુવાનો એકમોમાં જઈ તાલીમની સાથે સ્ટાઈપેન્ડ મેળવી તેમની સ્કીલ અને અનુભવમાં વધારો કરે છે. આ યોજનામાં ગુજરાત ભારતભરમાં અવ્વલ નંબર છે. રાજ્યમાં હાલ કુલ ૨૮૮ સરકારી આઈ.ટી.આઈ. કાર્યરત છે. જે માટે વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ રૂ. ૧૯૦ કરોડની જોગવાઈ કરવામાં આવીછે. તાલીમાર્થીઓને ગુણવત્તાયુક્ત અને વર્તમાન ટેક્નોલોજી મુજબની અત્યાધુનીક તાલીમ ઉપલબ્ધ કરાવવાના આશયથી તાલીમાર્થીઓને વર્ચુઅલ તાલીમ આપવા છઈ-ફઈ લેબ બનાવી તાલીમ આપવા માટે કુલ રૂા. ૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતરાજ્યના યુવાધનને કૌશલ્ય સાથે શિક્ષણ અને દરેક યુવાનને કૌશલ્ય મળી રહે તે માટે કૌશલ્યા ધી સ્કીલ યુનિવર્સીટીની સ્થાપના કરી છે. કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય નીતિને

અનુસરી વર્તમાન ટેક્નોલોજીને અનુરૂપ રાજ્યમાં ડ્રોન ટેક્નોલોજીનો વ્યાપ વધેલછે. જેથી કૌશલ્ય તાલીમ માટેનાં **End to End** ડ્રોન ટેક્નોલોજીને અનુરૂપ નવીન કોર્ષીસ શરૂ કરવા માટે કૌશલ્યા ધી સ્કીલ યુનિવર્સિટી ખાતે અદ્યતન સ્કૂલ ઓફ ડ્રોન શરૂ કરવા વર્ષ ૨૦૨૨-૨૩નાં બજેટમાં રૂા. ૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યમાં જરૂરીયાત આધારીત ૫૧ પ્રકારના ટૂંકા ગાળાના **new age courses** જે ભવિષ્યમાં ઉત્પન્ન થનાર ટેક્નોલોજી તથા અદ્યતન મેન્યુફેકચરિંગ સંબંધિત કૌશલ્યબળ પૂરુ પાડે તેવા અભ્યાસક્ર્મો માટેની મુખ્યમંત્રી ભવિષ્યલક્ષી કૌશલ્ય વિકાસ યોજના **(MBKVY)** અંતર્ગત રૂ.૭૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યમાં ઈન્ડસ્ટ્રીની જરૂરીયાત મુજબ કુશળ માનવબળ તૈયાર કરવા માટે 'ઈન્ડસ્ટ્રી દ્વારા, ઈન્ડસ્ટ્રી માટે, ઈન્ડસ્ટ્રી ખાતે' કોન્સેપ્ટ આધારીત સંકલ્પ પ્રોજેક્ટની રાજય સરકારદ્વારા શરૂઆત કરવામાં આવીછે. રાજ્યમાં સ્કીલ ઈકોસીસ્ટમ મજબુત કરવા માટે ભારત સરકાર દ્વારા **Skill Acquisition and Knowledge Awareness for Livelihood promotion (SANKALP)**” માટે રૂ. ૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આજે ગુજરાતનો યુવાન નવા નવા એપ્સ બનાવી રહ્યો છે જેથી પોતાની જિંદગી પણ સરળ થઈ જાય અને રાજ્ય તેમજ દેશવાસીઓની પણ મદદ થઈ શકે. આજે દેશનો યુવાન હેકેથોનના માધ્યમથી, ટેકનોલોજીના માધ્યમથી, રાજ્યના અને દેશની હજારો સમસ્યાઓમાં યોગદાન આપી રહ્યો છે, ઉકેલ મેળવી રહ્યો છે, આપી રહ્યો છે. આજે ગુજરાતનો યુવાન બદલાતા નોકરીના સ્વરૂપને અનુસાર નવા નવા સાહસો શરુ કરી રહ્યો છે, પોતે કામ કરી રહ્યો છે, જોખમ ઉઠાવી રહ્યો છે, સાહસ કરી રહ્યો છે અને બીજાઓને પણ કામ આપી રહ્યો છે. સૌમ્ય અને સહજ પરંતુ પરિશ્રમી અને નિષ્ઠાવાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉર્જાવાન ટીમ ગુજરાત યુવાનોની સાથે છે, યુવા જુસ્સા અને યુવા સપનાઓની સાથે છે. યુવાનોની સફળતાથી સશક્ત, સક્ષમ અને સમૃદ્ધ ગુજરાતના સંકલ્પો સિદ્ધ કરશે. ગુજરાતનો નવયુવાન રાજ્ય સરકારની વિવિધ યોજનાના સથવારે નેતૃત્વ લેવા માટે આગળ આવી રહ્યો છે. સ્વચ્છ ભારત અભિયાનની વાત કરીએ તો તેનું નેતૃત્વ આપણા યુવાનોએ સુપેરે લીધું છે. રાજ્યનો યુવાન પોતાની આસપાસ, ઘર, મહોલ્લા, શહેર, સમુદ્ર-તટ ઉપરથી ગંદકી, પ્લાસ્ટિકને દૂર કરવાના કામમાં અગ્ર હરોળમાં જોવા મળે છે. ગુજરાતના યુવાનોના સામર્થ્ય વડે નવા ભવ્ય અને દિવ્ય ગુજરાતનું નિર્માણ થઈ રહ્યું છે. એક એવું નવું ગુજરાત કે જેમાં વેપાર કરવાની સરળતા પણ હોય અને જીવન જીવવાની સરળતા પણ હોય. એક એવું નવું ગુજરાત કે જેમાં લાલ બત્તી કલ્ચર નહી, જેમાં દરેક મનુષ્ય એક સમાન હોય, દરેક વ્યક્તિ મહત્વપૂર્ણ હોય. એક એવું નવું ગુજરાત કે જેમાં અવસર પણ હોય અને ઉડવા માટે આખું આકાશ પણ હોય.

-મિનેશ ત્રિવેદી

તંત્રી લેખ

ભારત માટે વૈશ્વિક આપદા પણ ખુદને મજબુત બનાવવા માટેનો અવસર

રશિયા અને યુક્રેન વચ્ચે યુધ્ધ વધતું જ જાય છે અને હવે તો નાટો દેશોના ઉંબરે રશિયા વિસ્ફોટો કરવા લાગ્યું છે. રશિયાની હઠ છે કે યુક્રેન જલ્દી ઝૂકી જાય અને યુક્રેન સહિત અન્ય દેશોની કોશિશ છે કે રશિયા તાત્કાલિક યુધ્ધ રોકે. ચિંતા એ વાતે પણ વધી ગઈ છે કે રશિયાએ ચીન પાસે મદદ માંગી છે. અમેરિકાનો દાવો છે કે રશિયાએ ચીન પાસે એક ખાસ ઉપકરણની માંગ પણ કરી છે. જોકે, આ ઉપકરણ પર્યાપ્ત માત્રામાં ચીન પાસે નથી. શું ચીન આગળ આવીને રશિયાની મદદ કરશે? હાલમાં જે સ્થિતિ છે, તેમાં ચીન કૂટનીતિક રૂપે રશિયાની મદદ કરી રહ્યું છે, પરંતુ જો તે સૈન્ય મદદ માટે પણ આગળ આવે છે તો આ યુધ્ધ વધુ ગંભીર થઈ જશે. રશિયાની જરૂરિયાત હજુ ખુલીને સામે નથી આવી, પરંતુ વહેલામોડા તેને મદદની જરૂર પડશે અને તેને સૌથી વધુ આશા ચીન તરફથી જ રહેશે. ગત વર્ષોમાં રશિયા અને ચીન વચ્ચે ઘનિષ્ઠતા બહુ વધી ગઈ છે. બંને એકબીજાની સુરક્ષા માટે આગળ આવે તો આશ્ચર્ય નહીં. જોકે ચીન માટે એ આસાન નથી. જે પ્રકારે રશિયા ઉપર પ્રતિબંધ લાગ્યા છે, તેમાં કોઈપણ દેશ ખુલીને તેની મદદની સ્થિતિમાં નથી અને છૂપાઈને મદદ કરવી પણ આસાન નથી. અમેરિકાની ચાંપતી નજર છે, તેથી ચીને પોતાનું પગલું ઘણું વિચારીને ભરવું પડશે.

જ્યારે અમેરિકા અને યુરોપ સાથે સંબંધો ચીનની અર્થવ્યવસ્થા માટે બહુ વધારે મહત્ત્વપૂર્ણ છે, ત્યારે તે પોતાના એક મુખ્ય રણનીતિક ભાગીદાર રશિયાનું સમર્થન કઈ રીતે કરી શકે? જોકે અમેરિકા અને યુરોપીય દેશોને એ શંકા છે કે ચીન દ્વિપક્ષીય સંધિ અંતર્ગત રશિયાની ટેકનિકલ મદદ કરી શકે છે. વિશેષજ્ઞો ત્યાં સુધી કહે છે કે ચીન માટે યુરોપીય સંઘની સાથે આર્થિક સંબંધ રશિયાના મુકાબલે ક્યાંય વધુ મહત્ત્વપૂર્ણ છે. એટલે ચીન પૂરતી સાવધાનીથી ચાલી રહ્યું છે. તેને દોસ્તની પણ પરવા છે અને દુનિયાની પણ. ચીને અમેરિકા, યુરોપ અને અન્ય પશ્ચિમી સહયોગીઓની સાથે સાથે જાપાન અને તાઈવાન જેવી એશિયાઈ અર્થવ્યવસ્થાઓ દ્વારા પ્રતિબંધો છતાં રશિયા અને યુક્રેન, બંને સાથે સામાન્ય વેપાર જાળવી રાખવાનો વાયદો કર્યો છે. ક્રીમિયા ઉપર રશિયાના આક્રમણ બાદ ૨૦૧૪માં બંને દેશોએ પોતાના દ્વિપક્ષીય સંબંધો ઓર મજબૂત કર્યા છે. ભારતની ચિંતા અલગ છે. રશિયા ઉપર આપણી નિર્ભરતા જગજાહેર છે. યુધ્ધ વધવાની સ્થિતિમાં ભારતને સૈન્ય ઉપરાંત આર્થિક રૂપે પણ નુકસાન થશે. તે દરેક રીતે આપણા હિતમાં છે કે યુધ્ધ વહેલી તકે ખતમ થાય. આપણે ઘરેલુ સ્તર ઉપર મોટા પાયે રક્ષામાં રોકાણ કરવું પડશે. એવા રોકાણથી ભારતમાં રોજગાર પણ વધશે અને આપણી સૈન્ય તાકાત પણ વધશે. જો આપણે સમય સાથે ચાલીએ તો આ વૈશ્વિક આપદા પણ ખુદને મજબૂત કરવાનો અવસર જ છે.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કોયલ જ વસંતના ગુણોને જાણે છે, કાગડો નહીં.

-અજ્ઞાત

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૪, પા.આવા-૧૩૯૧, મુ. શાબાન-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૮, ચૈત્ર સુદ-૧ ચૈત્રી ચંદ્ર, ચંદ્રદર્શન, શાર્વરી સંવત્સર પ્રારંભ, ગુડી પડવો, ચૈત્ર નવરાત્રી પ્રારંભ, ડો. હેડગેવાર જયંતિ, પંચક (સવારે ૧૧:૨૧થી સમાપ્ત) તા.૨ એપ્રિલ ૨૦૨૨, શનિવાર, પારસી તા.૨૦, મુસ્લિમતા.૨૯, રેવતી નક્ષત્ર, ઐન્દ્ર યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૪૩, સૂ.અ.૭:૦૬

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), સવારે ૧૧:૨૧ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : ઉત્સાહભર્યું વાતાવરણ સર્જાય. યશમાં વધારો થાય.
વૃષભ : મનની મુરાદ મનમાં રહે. ગૃહવિવાદ.
મિથુન : ભૌતિક મનોકામના પૂર્ણ થાય. વડીલોથી વાણી ઘર્ષણ થાય.
કર્ક : મોસાળ પક્ષ તરફથી લાભ મળે. નાણાંકીય સમસ્યાઓ દૂર થાય.
સિંહ : હિતશત્રુઓથી સાવધ રહેવું. કૌટુંબિક સમસ્યાનો સામનો કરવો પડે.
કન્યા : મહત્વના કાર્યો અટકી પડે. મનમાં ઉદ્વેગ રહે.
તુલા : જૂની ઓળખાણથી લાભ મળી જાય. આર્થિક બાબતે શ્રેષ્ઠ દિવસ.
વૃશ્ચિક : આર્થિક લાભ મેળવી શકશો. શુભ સમાચાર મળે.
ધન : અણધાર્યો બનાવ બને. ચિંતા ભર્યો દિવસ વિતે.
મકર : પ્રાવસથી લાભ મળે. અટકેલા કાર્યો પૂર્ણ થાય.
કુંભ : વડીલોથી લાગણી રહે. વાહન-મિલકતથી લાભ થાય.
મીન : આનંદમય દિવસ પસાર થાય. આવક-જાવક સરભર રહે.

મેવાસાબાવાના ગામની તૃપ્તિ કોરાટે "કેસુડા એ હર્બલ" સાબુ બનાવ્યો

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી અંતર્ગત બહાઉદ્દીન કોલેજ ખાતે "કેસુડા એ હર્બલ" સોપ પ્રોજેક્ટ લોન્ચ કરાયો

સરકાર તરફથી ૩૫ હજારની સહાય મળતા સાબુ બનાવવા રો-મટીરીયલ અને મશીનરીની ખરીદી કરી : ઉનાળાના તડકાથી ઠંડક અને ચામડીના રોગમાંથી મુક્તી આપે છે કેસુડાનો સાબુ : સાબુ બનાવવા કેસુડા સાથે નારિયેલ તેલ, વીટામીન-ઈ અને સુંગધીત ઓઈલનો ઉપયોગ કરાય છે : કોલેજોમાં ચાલતા એસએસઆઈપી સેલ દ્વારા વિદ્યાર્થીઓને પગભર કરવા સરકાર કટ્ટીબધ્ધ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨

રાજય સરકાર યુવાઓને પગભર બનાવવા કટ્ટીબધ્ધ છે. જૂનાગઢ બહાઉદ્દીન કોલેજમાં ચાલતા એસએસઆઈપી (સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન) પોલીસી અંતર્ગત વિદ્યાર્થીની તૃપ્તિ કોરાટે કેસુડાનો સાબુ બનાવ્યો છે. જેમાં સરકાર દ્વારા તેમને રૂા.૩૫ હજારની મદદ મળતા તેમણે રો-મટીરીયલ અને મશીનરીની ખરીદી કરી સાબુ બનાવવાનું શરૂ કરી દીધું છે. ત્યારે આ સાબુનું જૂનાગઢ બહાઉદ્દીન કોલેજ ખાતે ઉચ્ચ શિક્ષણ વિભાગના અધિક કમિશ્નર નારાયણ માધુ, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ડો.ચેતન ત્રિવેદી સહિતની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં "કેસુડાએહર્બલ" સોપપ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો હતો.

કેસુડાનો સાબુ બનાવનાર વિદ્યાર્થીની તૃપ્તિ જયંતિભાઈ કોરાટેજણાવ્યુંહતુંકે,બહાઉદ્દીન કોલેજમાં ગત વર્ષે અભ્યાસ કરતી હતી. ત્યારે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી હેઠળ ચાલતા પ્રોજેક્ટ અંગે પ્રોફેસર ધર્મેશ પી.વાવૈયા સહિતના પ્રોફેસરો દ્વારા માર્ગદર્શન સાથે સાબુ બનાવવાની પ્રેરણા આપી હતી. તેમના માર્ગદર્શન મુજબ એસએસઆઈપી પ્રોજેક્ટ હેઠળ કેસુડાના સાબુ બનાવવાનું શરૂ કર્યું છે. જેમાં સરકાર દ્વારા સાબુના રો-મટીરીયલમાં કેસુડાના ફુલ, નારિયેલ તેલ, વીટામીન-ઈ અને સુગંધીત ઓઈલનો ઉપયોગકર્યો છે. તેમાં કોઈપણ પ્રકારના કેમીકલનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ સાબુ બનાવવા માટે રો-મટીરીયલ મશીન, પેકીંગ મશીન, શીલ મશીન, વજનકાંટા સહિતની ખરીદી કરી છે. આ સાબુ તૈયાર થતા રૂા.૩૦નો ખર્ચ થાયછે.જ્યારેહુંતેમનેબજારમાં રૂા.૩૫ માં વેચું છું. સરકારની રૂા.૩૫ હજારની સહાય સાથે મે રૂા.૫૦ હજારનો ખર્ચ કરી કેસુડાના સાબુનો પ્રોજેક્ટ તૈયાર કર્યો છે અને બહાઉદ્દીન કોલેજ ખાતે મહાનુભાવોના હસ્તે તેમનું લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. હવે સાબુનું રજિસ્ટ્રેશન અને ટેગ માર્ક લગાવવાનો બાકી છે. ત્યારબાદ હું કોઈ કંપની સાથે માર્કેટીંગ કરી તેને બજારમાં અથવા મારી રીતે ઘરે જ તેમનું વેચાણ કરીશ.

સાબુથી થતા ફાયદા

કેસુડાથી બનેલા અને કોઈપણ પ્રકારના કેમીકલનો ઉપયોગ ન થનાર કેસુડાના સાબુથી ઉનાળાના તડકામાં ઠંડક મળશે તેમજ ચામડીના થતા રોગમાંથી પણ મુક્તી મળશે.

યુવતી બની પગભર

સરકારની એસએસઆઈપી યોજના હેઠળ માર્ગદર્શન મેળવી જૂનાગઢના મેવાસાબાવાના ગામની તૃપ્તિબેન આજે પોતાનો બિઝનેશ શરૂ કર્યો છે. જ્યારે તેમના પિતા તો ખેતમજુરી કરે છે. ત્યારે હવે દિકરી પગભર બની પરીવારને મદદરૂપ બનશે અને તૃપ્તિ અન્ય મહિલા અને યુવતી માટે પ્રેરણારૂપ સાબિત થશે.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં ઈનપુટ ડિલર તેમજ ફર્ટીલાઈઝર કોર્ષની ચોથી ટર્મ શરૂ કરાઈ

તિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે સર્ટિફિકેટ કોર્ષ ઓન પેસ્ટીસાઈડ મેનેજમેન્ટ કોર્ષનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં બે દિવસમાં ૧૧૩૦ ડીલરોનાં કોર્ષ અને સર્ટિફિકેટ કોર્ષ ઓન ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ કોર્ષનો પ્રારંભ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો.એન.કે.ગોંટીયા દ્વારા કરાવવામાં આવ્યો હતો.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી જૂનાગઢ અત્રેના કેન્દ્ર તેમજ ૭ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો જેવા કે જામનગર, અમરેલી, તરઘડીયા, નાના કાંધાસર, ખાપટ અને મોરબી, પીપળીયા તેમજ ફળ સંશોધન મહુવા અને પોલીટેકનીક ધારી ખાતે ૩૦ બેચના ૧૧૨૫ ડીલરોનો કોર્ષ ચાલુ કરવામાં આવેલ છે. ઉપરાંત આચર્ય અને ડીન કૃષિ મહા વિદ્યાલયનાં ડો. એસ.જી.સાવલિયા તેમજ સંયુક્ત ખેતી નિયામક, જૂનાગઢના એમ.એમ. કાસોન્દ્રાએ પણ પ્રસંગ અનુરૂપ વકતવ્ય આપેલ. આ પ્રસંગે નાયબ ખેતી નિયામક(વિ) એસ.એમ.ગધેસરીયા ઉપસ્થિત રહેલ. કોર્ષ ડીરેકટર ડો.જી.આર. ગોહિલએ જણાવેલ કે, આ કોર્ષનો મુખ્ય હેતુ ઈન્સેકટીસાઈડસ ડીલર્સ અને ડીસ્ટ્રીબ્યુટર્સને પેસ્ટીસાઈડસ અને પેસ્ટ મેનેજમેન્ટ વિશે તાંત્રિક માહિતીનું શિક્ષણ અને સમજ આપવી અને ઈન્સેકટીસાઈડસને લગતા કાયદા અને નીતિ – નિયમોથી વાકેફ કરવાના છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ફર્ટીલાઈઝર ડીલર્સ કોર્ષનાં કોર્ડીનેટર ડો. એચ.સી. છોડડીયા, ડો. વાય.એચ. ઘેલાની, ડો. વી.જે.સાવલિયા, પ્રો. એમ.બી.કપોપરા તેમજ સ્ટાફએ જહેમત ઉઠાવી હતી.

ચેટીચાંદ

આપણા ભારતીય ધર્મગ્રંથોમાં કહેવાયું છે જયારે ધરતી ઉપર અત્યાચાર અને અધર્મવધેછે, આસુરીવૃત્તિઓ માઝા મુકે છે અને માનવીય મુલ્યોનો લોપ થાય છે ત્યારે ત્યારે ઈશ્વર કોઈને કોઈ રૂપે પૃથ્વી ઉપર અવતરિત થઈને ધર્મની રક્ષા કરે છે.

ભગવદ્ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણે કહયુ છે કે જયારે જયારે ધરતી ઉપર ધર્મ દુર્લભ થાય છે અને અધર્મ સબળ બને છે ત્યારે હું ધર્મની રક્ષા માટે જન્મ લઉં છું.

આવા જ એક ધર્મરક્ષક સર્વધર્મ સમભાવની લાગણીને સમાજમાં ફેલાવવા અને ધર્મની રક્ષા કરવા ચૈત્રમાસની બીજના દિવસે અવતરિત થયા તે ભગવાન ઝુલેલાલ. ભગવાન ઝુલેલાલના અવતરણની કથા જાણવા જેવી છે.

સિંધપ્રદેશમાં મિરખશાહ નામે રાજા રાજ કરતો હતો. તે ખુબદંભી, અસહિષ્ણુ અને ક્રુર હતો. તે પોતાની પ્રજા ઉપર અત્યાચાર ગુજારતો અને ધર્મપરિવર્તન કરવા માટે તેમને વિવશ કરતો. આમ પ્રજા આવા રાજાથી ખુબ ત્રાહીત હતી અને આ ક્રુર રાજાના અત્યાચારમાંથી મુક્તિ મેળવવા ઝંખતી હતી. તેથી પ્રજાએમુક્તિ મેળવવા ઈશ્વરનું શરણું લીધું. સિંધુ નદીના તટે તેમણે જપ-તપ કર્યુ, પ્રભુનું સ્મરણ કર્યુ. પ્રજાનો આર્તનાદ સાંભળી વરૂણ દેવે મત્સ્ય એટલે માછલી ઉપર સવાર થઈને દર્શન આપ્યા અને એવી આકાશવાણી થઈ કે પ્રજાના દુ:ખ હરવા પ્રભુ નસરપુરના રતનરાય અને દેવકીના ઘરે જન્મ લેશે અને તે બાળક સૌની મનોકામના પુર્ણ કરશે. સમય વીતતાં નરસપુરના ઠાકુર રતનરાયના ઘેર દેવકીની કુખે ચૈત્ર બીજ શુક્રવારના દિવસે એક તેજસ્વી બાળકનો જન્મ થયો. તેનું નામ રખાયું ઉદયચંદ. આ દેવી બાળકના જન્મની મિરખશાહને જાણ થઈ ત્યારે પોતાનો અંત નજીક છે એમ માની બાળકને મારી નાખવાની યોજના તેણે બનાવી. બાદશાહ મીરખશાહ પોતાના સૈન્યને લઈ રતનરાયને ઘરે પહોચ્યો અને બાળકને પકડવા પ્રયત્ન કર્યો પરંતુ ભગવાન ઝુલેલાલજીએ પોતાની કરામત બતાવી અને અદ્રશ્ય થઈ ગયા. તેમની સામે મિરખશાહની ફોજની તાકાત પાંગળી બની ગઈ. તેમણે સિંહાસના ઉપર બિરાજેલ ઉદયચંદ એટલે કે ઉદેરોલાલના દિવ્યપુરૂષના રૂપમાં દર્શન થયા.

ઉદેરોલાલ કિશોર અવસ્થામાં જ પોતાનું દૈવી પરાક્રમ દર્શાવી જનતાને આશ્વસ્ત કરી. ઉદેરોલાલે બાદશાહને સંદેશો મોકલ્યો કે શાંતી જ પરમસત્ય છે પરંતુ બાદશાહમિરખે ફરી ઉદેરોલાલ ઉપર આક્રમણ કર્યુ. બાદશાહનો પરાજય થયો અને તેણે ઉદેરોલાલના ચરણોમાં સ્થાન માંગ્યું. ઉદેરોલાલ તેને સર્વધર્મ સમભાવનો સંદેશ આપ્યો અને મીરખશાહ ઉદયચંદનો શિષ્ય બની ધર્મ પ્રચારના કાર્યમાં જોડાઈ ગયો.

ભગવાન ઝુલેલાલજીને જળ અને જયોતી એટલે કે અગ્નિના અવતાર માનવામાં આવે છે. તેમનું વાહન માછલી છે. ભકતો તેમને ઉદેરોલાલ, ઘોડેવારો, જીન્દપીર, લાલસાંઈ, પલ્લેવારો, જયોતિનવારો, અમરલાલ વગેરે નામથી પણ પુજે છે. ઝુલેલાલ સાહેબ જળ અનેઅગ્નિનોઅવતાર છેતેથી ચેટીચાંદ નિમિત્તે કાષ્ઠનું(લાકડાનું)મંદિર બનાવીનેતેમાંસવાકીલોલોટ બાંધી તેનું કોડીયું બનાવી લાકડાના મંદિરમાં તે કોડીયું મુકી તેમાં ચાર જયોત પ્રગટાવવામાં આવે છે. આ મંદિરને બારિહાણા સાહેબ પણ કહેવામાં આવે છે. મંદિરનો શ્રધ્ધાળુ ભકતો ચેટીચાંદનાદિવસે માથાઉપર ઉંચકી વરૂણદેવની સ્તુતિ કરે છે. મંદિર લઈ તેમાં ઝુલેલાલજીની મુર્તિ સ્થાપિતેને ઘરે ઘરે ફેરવેછે. બીજાદિવસે મંદિરમાં પ્રગટાવેલ દિવો દરીયામાં પધરાવી દેવામાં આવે છે.

સિંધી ભાઈઓ ચૈત્રમાસની બીજના દિવસે બહુ હર્ષોલ્લાસથી ચેટીચંડ-ચેટીચાંદ ઉજવેછે. આદિવસે વહેલી સવારે તેઓ પ્રભાત ફેરી કાઢે છે. દરીયા કિનારે ઝુલેલાલજીની પુજા કરે છે અને ઝુલેલાલજીનાં મંદિરમાં ભજન-કિર્તન કરે છે.

આદિવસે વેપારીઓનવા ચોપડાઓનાં શ્રીગણેશ કરેછે. ચેટીચંડને સિંધી સમાજસિંધી દિવસ તરીકે પણ ઉજવે છે. ચેટીચાંદના બીજા દિવસે મોટું સરઘસ પણ કાઢવામાં આવે છે. પ્રસાદ અને શરબતની લહાણીપણ થાય છે. ઝુલેલાલ મંદિરોમાં ભોજનનું આયોજન પણ કરવામાં આવે છે. માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ સાંપુર્ણ વિશ્વમાં ચેટીચંડ(ચેટીચાંદ)નો તહેવાર પરંપરાગત હર્ષોલ્લાસ સાથે મનાવાય છે.

આ ઉત્સવ સર્વધર્મ સમભાવના પ્રતીક સમાન છે.

આપ સૌને ચેટીચાંદની શુભકામનાઓ..

(સરસ્વતી સ્કુલ, જૂનાગઢ)

જૂનાગઢ, ગીર સોમનાથ જીલ્લાનાં શિક્ષકોની જુની પેન્શન યોજના લાગુ કરવા માંગ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨

જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક તથા વહિવટી કર્મચારીઓ એ સમગ્ર ગુજરાતમાં સયુંકત કર્મચારી મોરચા અને શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના આદેશ અનુસાર જૂની પેન્શન યોજના ચાલુ કરવા મુદ્દે આંદોલનના કાર્યક્રમો ચાલુ કરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે જીલ્લાના તમામ શિક્ષકો તથા વહિવટી કર્મચારીઓએકાળી પટ્ટી ધારણ કરી શૈક્ષણીક તેમજ બોર્ડની પરીક્ષા કામગીરીમાં અવરોધરૂપ બન્યા વગર કાળી પટ્ટી ધારણ કરી નવી પેન્શન યોજના નો વિરોધ કર્યો હતો. ગુજરાતમાં તમામ સવર્ગના કર્મચારીઓએ બ્લેક ડે ઉજવી ઉગ્ર આક્રોશ વ્યક્ત કરી આ સંવેદનશીલ સરકારને સંવેદના રાખીને જુની પેન્શન યોજના લાગુ કરવા અને કર્મચરીઓનુ ભવિષ્ય નિશ્ચિત કરવા અપીલ કરી હતી જેમ કે એક કર્મચારીને મહિને બે હજાર જેવું નજીવું પેન્શન મળે તો એ આવી મોંઘવારીમાં પોતાની નિવૃત્ત જીંદગી કેવી રીતે પસાર કરી શકે એ ચિંતામાં, માનસિક તણાવમાં રહેલો કર્મચારી સારી રીતે કામ ન કરી શકે તો ૩૦થી૪૦ વર્ષ સુધી કોઈ સંસ્થા કે સરકારી ક્ષેત્રોમાં નિષ્ઠા અને પ્રામાણિકતાથી સરકારના દરેક કાર્યો પાર પાડતા કર્મચારી ઓને બુઢાપાની લાઠી સમાન જીવન નિર્વાહનો આ લાભ તો મળવો જ જોઈએ એવું ગીર સોમનાથ જિલ્લાના ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ કાળુસિંહ ડોડીયાની યાદીમાં જણાવાયું છે. આ બાબતે ત્વરિત યોગ્ય નિર્ણય નહીંલેવામાં આવે તો હવે પછીના કાર્યક્રમ મુજબ ઉગ્ર આંદોલન જેવા કે બોર્ડના પેપર (મધ્યસ્થ મૂલ્યાંકન) વગેરે નો બહિષ્કાર કરવાનું પણ મહામંડળ દ્વારા જણાવવામાં આવ્યું છે તો સરકારને નમ્ર અપીલ કે તે આ ગંભીર બાબતે યોગ્ય નિર્ણય કરે. જેથી કર્મચારીઓનું ભવિષ્ય ઓશિયાળુ થતું રહી જાય અને તણાવ મુક્ત થઈ સારી રીતે કામ કરી શકે.

કોર્ટના હુકમનું ખોટા અર્થઘટન ના આધારે માજી સાંસદ દીનુ સોલંકી સામે થયેલી ખોટી ફરિયાદ સામે કોર્ટે તપાસના આદેશ આપ્યા

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨

કોડીનારના માજી સાંસદ દીનુભાઈ સોલંકી સહિત ત્રણ શખ્સો સામે મહિલાને કેસ પાછો નહીં ખેંચે તો જાનથી મારી નાખવા તથા હાથ-પગ તોડી નાખવાની ધમકી આપવા કોર્ટના ક્રિમીનલપ્રોસિજર કોડ ની કલમ ૧૫૬(૩) ની યાદી કોડીનાર પોલીસ સ્ટેશનને મોકલ્યા બાદ કોડીનાર પોલીસે આ મહિલાની એફ.આઈ.આર નોંધતા ચકચાર મચી જવા પામી હતી

અત્રે જાણવા મળતી સત્ય માહિતી મુજબ કોડીનાર કોર્ટે કરેલ હુકમનું સબંધિત કર્મચારીએ ખોટું અર્થઘટન કરી ખોટા અર્થઘટન વાળી યાદી પોલીસ સ્ટેશન ને મોકલતા પોલીસે પણ કોર્ટના અસલ હુકમની ચકાસણી કર્યા વિના માજી દિનુભાઈ સોલંકી વિરૂધ્ધ એફ.આઈ.આર નોંધતા જે વિગતો કોર્ટના ધ્યાને આવતા કોડીનાર કોર્ટના જયુ. મેજિસ્ટ્રેટ એસ. જી. પરમાર દ્વારા ન્યાયના હિતમાંફરીથી નવો હુકમ કરાયો છે

કોડીનારના જજ એસ જી. પરમાર દ્વારા કરાયેલા હુકમ માં જણાવ્યું છે કે તારીખ ૩૧-૧૨-૨૧ ના રોજ કોડીનાર પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીને આદેશ આપવામાં આવે છે કે ઉપરોક્ત ફરિયાદી ની ફરિયાદ બાબતે શું કાર્યવાહી કરેલ છે તેમજ શું પગલાં લીધા છે તેનો વિગતવાર રિપોર્ટ અદાલતમાં ૩૦ દિવસમાં કરવો આ હુકમ ને બદલે કોર્ટના હુકમ માં કોઈ ભૂલ હોય કે કોર્ટના સ્ટાફની કોઈ ભૂલ કે શરતચૂક ના કારણે ઉપરોક્ત હુકમ ના બદલે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૫૬(૩)ની યાદી કોડીનાર પોલીસ સ્ટેશનમાં મોકલવામાં આવતા જેના કારણે કોડીનાર પોલીસદ્વારા સદરકામે એફ.આઈ.આર.ની નોંધ કરવામાં આવેલ છે વધુમાં આજે કોર્ટે એવો પણ હુકમ કર્યોછે કે આ હુકમ બાબત ની ભૂલ ગંભીર પ્રકારની હોય સંબંધિત કર્મચારી/કર્મચારીઓનો ખુલાસો માંગવાનો પણ આદેશ કરાયો છે. અત્રે ઉલ્લેખનીય છેકે દિનુભાઈ સોલંકી જૂનાગઢ જિલ્લા વિસ્તારમાં પોતે ભારે લોકચાહના ધરાવતા મોટા કદનાનેતા હોય આવી ભૂલતેની રાજકીય કારકિર્દી ખતમ કરવાની કોઈ યોજના હોય તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે.

વિસાવદર વિધાનસભામાં રોડ-રસ્તા મતવિસ્તારમાં મંજુર થયા

(રેનિશ મહેતા દ્વારા)

ભેંસાણ, તા. ૨

જૂનાગઢ જિલ્લામાં ગત વર્ષે સરકારમાંથી રોડ અને રસ્તાની મંજૂર થયેલ આ રકમમાં વિસાવદર વિધાનસભા મતવિસ્તાર મોખરે રહેલ છે. વિસાવદર વિધાનસભા મત વિસ્તારના ગ્રામ્ય પંથકોમાં માટે રૂપિયા ૧૨૫૮૬ લાખ ના રોડ મંજુર થયા છે.

દ્વારકાના એએસઆઈ શ્યામભાઈ સોનીને નિવૃતી વિદાયમાન અપાયું

રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨

સીપીઆઈદ્વારકા કચેરીના રાઈટર એએસઆઈ શ્યામભાઈ સોની વય નિવૃત થતા તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે ડીવાયએસપી સમીર શારડા, પીઆઈ પી.બી. ગઢવી, પીઆઈ જુડાલ, પીઆઈ પટેલ, રિટાયર્ડ પીઆઈ ચનુરા, પીઆઈ પરમાર તેમજ પોલીસ સ્ટાફે હાજર રહીને તેઓનું સન્માન કર્યું હતું અને પોલીસ ખાતામાં તેમની ૩૭ વર્ષજેટલી લાંબી નોકરી અને ઉમદા સેવાની વાત કરવામાં આવી હતી. આતકે તેઓના દિર્ધાયુષ્ય સાથે સુખ, શાંતિ અને સારા આરોગ્યની કામના સાથે સ્મૃતિ ચિન્હ પાઠવીને વિદાય આપવામાં આવી હતી.

રાજકોટમાં રવિવારે રણજીતવિલાસ મહેલમાં સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં ક્ષત્રિય-કાઠી સમાજના પદાધિકારીઓનો સન્માન સમારોહ



રાજકોટ રાજ્ય ફાઉન્ડેશનના ચેરમેન માંધાતાસિંહજી જાડેજાએ જણાવ્યું કે ક્ષત્રિય સમાજ હંમેશા રાજ્ય અને રાષ્ટ્રને સમર્પિત રહ્યો છે. રવિવારે, તા. ૩ એપ્રિલે સવારે ૯.૪૫ થી બપોરે ૧ સુધી આ કાર્યક્રમ રણજિત વિલાસ પેલેસના પટાંગણમાં પ્રદેશ ભાજપ પ્રમુખ પાટીલ, પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, વજુભાઈ વાળાની ઉપસ્થિતિમાં યોજાશે.સમારોહમાં રાજ્ય સરકારના મંત્રી કિરીટસિંહ રાણા, જીતુભાઈ વાઘાણી, બ્રિજેશભાઈ મેરજા, અરવિંદભાઈ રૈયાણી, દેવાભાઈ માલમ, વિનોદભાઈ ચાવડા, રાઘવજીભાઈ પટેલ, ૮૬૧ સરપંચ, ૨૪ જિલ્લા પંચાયત સદસ્યો, ૧૪૧ તાલુકા પંચાયત સદસ્યો ઉપસ્થિત રહેશે.

મોંઘવારીનો વધુ એક માર ફ્રિજ,હેડફોન ખરીદવાનું મોંઘું થયું

આજથી કેટલીક જીવન જરૂરી ચીજવસ્તુઓ મોંઘી થઈ ગઈ છે, એટલે હવે તમારે ઈયરબડ્સ, પ્રીમિયમ હેડફોન્સ, ફ્રિજની સાથે ઘણાં બીજાં ઈલેક્ટ્રોનિક્સ ડિવાઈસ માટે વધારે રૂપિયા ખર્ચ કરવા પડશે.સ્માર્ટફોન અને ફિટનેસ બેન્ડની કિંમતોમાં ઘટાડો થશે. ૧ એપ્રિલથી મોંઘી અને સસ્તી વસ્તુઓ પર લાગતા ટેક્સ અને કસ્ટમ ડ્યૂટીમાં ફેરફાર કરવામાં આવ્યો છે. એની જાહેરાત નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૨ દરમિયાન કરી દીધી હતી.

રખડતાં ઢોરના કાયદાના વિરોધમાં પાંચ લાખ માલધારીઓ ગાંધીનગરમાં ભેગા થશે

ગુજરાત વિધાનસભામાં શહેરોમાં રખડતા ઢોર નિયંત્રણ વિધેયક-૨૦૨૨ સરકારે બહુમતીના જોરે પસાર કરાવી લીધુ છે. હવે આ કાયદો અમલમાં આવતા શહેરોમાં વસતા માલધારી-રબારી અને પશુપાલકોને ગાય-ભેંસ રાખવા લાયસન્સ લેવુ પડશે નહીં તો દંડ થશે. જેને પગલે માલધારી સમાજે સરકાર સામે રોષ વ્યક્ત કર્યો છે. માલધારી સમાજના આગેવાનો અને સાધુ સંતો સાથે ચર્ચા કરી પાંચ લાખ જેટલા માલધારીઓ ગાંધીનગર ખાતે ભેગા થશે.

મૃદુ છતાં મક્કમ મુખ્યમંત્રીના મહિલા સશક્તિકરણ માટે પ્રતિબધ્ધતાપૂર્ણ ૨૦૦ દિવસ

૨૦૦ દિવસમાં નારીશક્તિને દીઘર્દ્રષ્ટિપુર્ણ રચનાત્મક એંગલ મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે આપ્યો છે. જ્યારે ગુજરાતની નારીની વાત આવે ત્યારે તેના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઉત્કર્ષની વાત સહજ રીતે માનસપટ ઉપર તરવરવા લાગે. મહિલા સશક્તિકરણનો નવતર ચીલો ગુજરાતે ચાતર્યો છે. મહિલાઓના સશક્તિકરણ માટે, તેમના અધિકારો માટે જાગૃત થાય તેઆજના સમયની માંગ છે. આબાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા મહિલાઓ અનેઆવતીકાલનાં ઉજ્વળભવિષ્ય એવા બાળકો માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓનો પરિણામલક્ષી અમલ થઈ રહ્યો છે. અહીં એ ઉલ્લેખ અસ્થાને નહીં લાગે કે ગુજરાત સરકાર વર્ષ ૨૦૧૪-૧૫થી ‘‘જેન્ડર બજેટ’’ આપી રહ્યું છે. જેન્ડર બજેટ એ મહિલાઓને વિકાસના તમામ ક્ષેત્રે મુખ્યપ્રવાહમાં લાવવા માટે રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતી મહિલાલક્ષી નાણાકીય ફાળવણીનો મુખ્ય સ્ત્રોત હ્પ્ય છે.

ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અનેહાલ ભારતના લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં મહિલા અને બાળ વિકાસ વિભાગની અલગ રચના કરીને મહિલા સશક્તિકરણમાં સમગ્ર દેશને નવો રાહ ચિંધ્યો હતો. આ વિભાગ હેઠળ I.C.D.S. યુનિટ શરૂ કરીને આંગણવાડી કાર્યકર્તાઓ દ્વારા મહિલાઓ અને નાના બાળકોના પોષણ અને આરોગ્યની ચિંતા કરી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ઉર્જાવાન રાજ્ય સરકાર ગુજરાતમાં મહિલા અને બાળકોના સર્વાંગી વિકાસના આ મંત્રને આગળ ધપાવી રહી છે.

મહિલા અને બાળ વિકાસ રાજય મંત્રી મનીષાબેન વકીલે અંદાજપત્રિય માંગણીઓ ઉપર ચર્ચા કરતા વિધાન સભા બજેટ સત્રમાં વિગતો આપી હતી કે, રાજય સરકારે સૌ પ્રથમવાર જેન્ડર બજેટ બનાવીને ૮૯૧ જેટલી મહિલાલક્ષી યોજનાઓને પરિણામલક્ષી રીતે ગુજરાતમાં કાર્યાન્વિત કરવામાં આવી રહી છે. જે પૈકી ૧૭૮ યોજનાઓ માત્રને માત્ર મહિલાઓ માટે જ છે. આ માટે કુલ રૂા. ૮૯,૩૩૭.૧૦ કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે. રાજયના સર્વાંગી વિકાસની સતત ચિંતા કરતા તથા સર્વોદયના ધ્યેયને સિદ્ધ કરવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ કુપોષણના મુદ્દે ખૂબ જ અત્યંત સંવેદનશીલ અભિગમ ધરાવે છે. તેઓ દ્રઢપણે માને છે કે, ગુજરાતમાંથી કુપોષણ શબ્દ જ દૂર કરી દેવો છે. માત્ર સુપોષણ શબ્દ જ રહે એવી ગુજરાત સરકારની નેમ છે. આ શબ્દોને સાર્થક કરવા માટે કુપોષણ સામે જંગ છેડવા માટે રૂા. ૮૧૧ કરોડની ‘સુપોષિત માતા, સ્વસ્થ બાળ યોજના’ અમલમાં મુકવામાં આવી છે.

‘સુપોષિત માતા, સ્વસ્થ બાળ યોજના’ અંતર્ગત બાળકના પહેલા ૧૦૦૦ દિવસો માટે ‘‘પોષણ કીટ’’ (રો-રાશન)માં ૧ કિલો તુવેર દાળ, ૨ કિલો ચણા અને ૧ કિલો સીંગતેલ આપવામાં આવનાર છે. ગુજરાતની ૧૭ લાખ જેટલી સગર્ભા તથા ધાત્રી માતાઓને આ પોષણકીટનો લાભ આપવા રાજ્ય સરકાર પ્રતિબધ્ધ છે. સરકાર દ્વારા તાજેતરમાં ‘પા પા પગલી’ પ્રોજેકટ શરૂ કરાયો છે. આ પ્રોજેકટ અન્વયે નવી શિક્ષણનીતિ-૨૦૨૦ના સંદર્ભે આંગણવાડીના બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણના અભ્યાસ માટે તૈયાર કરવા શૈક્ષણિક કીટ સાથે ‘‘મારી વિકાસ યાત્રા’’ પુસ્તિકા આપવામાં આવે છે. જેમાં પી.ટી.સી., બી.એડ. થયેલ હોય તેવા વેલ ટ્રેઈન્ડ શિક્ષકો-બહેનોને **Instructor** તરીકે રાખવામાં આવ્યા છે. રાજય કક્ષાએ એક સ્ટેટ કન્સલટન્ટ, ૩૩ જીલ્લા કક્ષાના અને ૬ કોર્પોરેશનના એમ કુલ ૩૯ પ્રિ-સ્કુલ **Instructor** અને ૪૨૬ ઘટક કક્ષાના પ્રિ-સ્કુલ **Instructor**ની પારદર્શક પ્રક્રીયાથી ભરતી કરવામાં આવી છે. પા પા પગલી પ્રોજેકટની કુલ ૧૩ બેચમાં ૩૩ જીલ્લા કક્ષાના અને ૬ કોર્પોરેશનના કુલ ૪૪૧ **Instructor**ને તાલીમબધ્ધ કરવામાં આવ્યા છે. આ પ્રોજેકટ માટે રૂા. ૫૧૨. ૪૨ લાખની રકમની જોગવાઈ કરવામાં આવી છે.

માતામાં કુપોષણની માતા અને બાળકના સ્વાસ્થ્ય ઉપર દૂરગામી અસર થાય છે. માતાનું નબળું પોષણ સ્તર ગર્ભમાં ઉચરી રહેલા બાળકના વિકાસને અવરોધે છે. તે આગળ જતાં બાળકના નબળા આરોગ્યમાં પરિણામે છે. સગર્ભામાતાઓમાં કુપોષણ અને પાંડુરોગ બાળકના વિકાસ ઉપર ગંભીર અસર કરે છે. આ બાબતને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈને રાજયના પાંચ આદિજાતિ જિલ્લાઓ દાહોદ, વલસાડ, મહીસાગર, છોટાઉદેપુર અને નર્મદાના ૧૦ **ICDS** ઘટકોમાં ૨૬,૦૦૦ સગર્ભા અને ધાત્રી માતાઓને એક વખતનું સંપૂર્ણ ભોજન આપવાની યોજના પાયલોટ પ્રોજેક્ટ તરીકે વર્ષ ૨૦૧૭થી અમલમાં મુકવામાં આવી છે. આ વર્ષ ૨૦૨૨-૨૩માં યોજનાનો વ્યાપ વધારી ૧૪ આદિજાતિ જિલ્લાના બાકી રહેતા ૭૩ **ICDS** ઘટકોમાં તેનો નક્કર અમલ કરવામાં આવશે. ૧.૩૬ લાખ સગર્ભા અને ધાત્રી માતાઓને તેનો લાભ મળશે. આ માટે રૂ. ૧૧૮ કરોડની આર્થિક જોગવાઈ કરવામાં આવી છે.

ગુજરાતમાં ૩ થી ૬ વર્ષના બાળકો માટે બાયસેગના માધ્યમથી પુર્વ પ્રાથમિક શિક્ષણને લગતાં કાર્યક્રમોના અભ્યાસક્રમ માટે ‘ઉંબરે આંગણવાડી’’ નામની મહત્ત્વપૂર્ણ યોજના શરૂ કરવામાં આવી છે. ટેક્નોલોજીના માધ્યમથી મહિનાના પહેલા અને ત્રીજા સોમવારે ‘‘વંદે ગુજરાત’’ ચેનલ અને દૂરદર્શન ઉપર તથા જીઓ ટીવી એપ, ફેસબુક અને યુ ટયુબના માધ્યમથી પણ શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત ચિત્રપોથી, પ્રિસ્કુલ માટેની પુસ્તિકાઓ આંગણવાડી કાર્યકરો દ્વારા ઘરે ઘરે પહોંચાડવામાં આવે છે.

રાજય સરકાર દ્વારા અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં ચાર મધ્યસ્થ જેલમાં રાખવામાં આવતાં મહિલા કેદીઓના બાળકો અને સ્ટાફના બાળકો માટે ૧૦૦ ટકા સહાય હેઠળ નવા ચાર મીની જેલ આંગણવાડી કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. આ હેતુ માટે વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટ માટે કુલ રૂા. ૨,૩૭,૨૮૦ની નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે. છેવાડાના રણમાં પ્રદેશમાં રહેતા બાળકોની પણ રાજ્ય સરકારે સુપેરે ચિંતા કરી છે. અગરિયા વિસ્તારના ૩૫૦ જેટલા અગરીયા પરિવારના બાળકોને શિક્ષણ આપવા માટે ૧૫ ટેન્ટ ‘‘રણ આંગણવાડી’’ માટે વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટ માટે પર્યાપ્ત આર્થિક જોગવાઈ કરવામાં આવી છે.

રાજય સરકારે જેન્ડર રેશિયો મેઈનટેઈન કરવાની દિશામાં મક્કમ ડગ માંડ્યા છે. દિકરીઓને સારૂ શિક્ષણ મળે, દિકરીઓ સુખી થાય, ડ્રોપ આઉટ રેશિયો ઘટે તેના માટે દિકરી ૧૮ વર્ષની થાય ત્યાં સુધી તબકકાવાર રૂા. ચાર હજાર, રૂા. છ હજાર અને રૂ. એક લાખ એમ કુલ રૂપિયા એક લાખ દસ હજારની આર્થિક સહાય રાજય સરકાર આપશે. વ્હાલી દિકરી યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૧,૦૯,૨૬૦ દિકરીઓને આર્થિક સહાય મંજુર કરવામાં આવી છે. વ્હાલી દિકરી યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ. ૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના થકી વિધવા બહેનો પુનઃ લગ્ન કરી સમાજમાં પુનઃસ્થાપિત થાય તેમજ માનભેર નવજીવન થકી ગંગાસ્વરૂપા બહેનોમાં નવી ઉર્જાનો સંચાર થશે. સમાજના દ્રષ્ટિકોણમાં સુધારાની સાથે સાથે આદર અને સન્માનપૂર્વક તેમનો સ્વીકાર થશે. પુનઃલગ્ન માટે ૫૦ હજાર રૂપિયાની આર્થિક સહાય કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂા. ૨૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

ગ્રામીણ નારીશક્તિને સ્વરોજગારથી આર્થિક આધાર આપવા તાજેતરમાં **GNFC** અને **GLPC** વચ્ચે **MoU** થયા. જે અંતર્ગત રાજ્યની ગ્રામીણ મહિલાશક્તિ તથા નાના સીમાંત ખેડૂતો લીંબોડી એકત્રીકરણથી આર્થિક આધાર મેળવતા થશે. **GNFC**ના નીમ પ્રોજેકટ અંતર્ગત લીંબોળી એકત્રીકરણ-ખરીદ વ્યવસ્થા, સાબુ, શેમ્પુ, હેન્ડવોશ, સેનીટાઈઝર જેવી નીમ પ્રોડકટના સ્વ-સહાય જૂથો દ્વારા વેચાણ કરવામાં આવશે. મહિલાઓનાં આરોગ્યની જાળવણી સાથે તેમના આર્થિક અને સામાજિક ગૌરવ અપાવવાની દિશામાં ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્ત્વ હેઠળની ગુજરાત મક્કમતાપૂર્વક આગળ વધી રહી છે.

-મનિષા વાઘેલા

શ્રી કેશવ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી દ્વારા રજત જયંતિ નિમિત્તો આજે કાર્યક્રમ

સ્વનિર્ભર અને કેશવ મિત્ર યોજનાનો શુભારંભ થશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨

શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢની સ્થાપના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓ દ્વારા ઓકટોબર, ૧૯૯૭ કરવામાં આવી હતી. આ સોસાયટી ૨૫ વર્ષથી સમાજના આર્થિક ઉત્કર્ષ માટે સતત કામ કરી રહી છે. વર્તમાન સમયમાં સૌરાષ્ટ્રના ૧૨ જીલ્લાઓમાં કેશવ ક્રેડીટની ૨૨ શાખાઓ કાર્યરત છે, ૪૦,૦૦૦થી વધારે સભાસદો, રૂા.૧૨૫ કરોડ જેટલી થાપણો, રૂા.૯૫ કરોડ જેટલું ધિરાણ, મહિલાઓના ઉત્કર્ષ માટે લગભગ ૭૦૦૦થી વધારે મહિલાઓનો જુથ ધિરાણ આપવામાં આવ્યું છે. સંચાલક મંડળ તથા શાખા વિકાસ સમિતિના ૧૮૦ કાર્યકર્તાઓ તથા ૧૦૦ જેટલા કર્મચારીઓ કેશવ ક્રેડીટના વિકાસ માટે તથા તેના ધ્યેયની પુર્તિ માટે સતત પ્રયત્ન કરી રહયા છે. સોસાયટીનું સ્વપ્ર છે ‘વ્યક્તિ ઉત્કર્ષ દ્વારા પરિવાર ઉત્કર્ષ’ અને ગ્રામ ઉત્કર્ષ દ્વારા રાષ્ટ્ર ઉત્કર્ષ’ દ્વારા રાષ્ટ્રને પરમ્ વૈભવના શિખર ઉપર લઈ જવું.

સોસાયટીના ૨૫ વર્ષ પુર્ણ થઈ રહયા છે જેની રજત જયંતિની ઉજવણી થઈ રહી છે તથા પ્રેરણાસ્ત્રોત એવા રાષ્ટ્રીય સ્વયંમ્સેવક સંઘની ૨૦૨૫માં શતાબ્દી વર્ષની ઉજવણી કરવા જઈ રહયા છીએ ત્યારે આસુત્રને સાર્થક કરવા માટે ૨૦૨૫ સુધીમાં ૧૦૦૦ ગામોને પુર્ણ રોજગારયુકત તથા આત્મનિર્ભર બનાવવા માટેનો સંકલ્પ કર્યો છે.

આ સંકલ્પને સિધ્ધ કરવા માટે સોસાયટી દ્વારા સ્વનિર્ભર ધિરાણ યોજના તથા કેશવ મિત્ર યોજનાનો શુભારંભ કરવા માટે આજ તા.૨ એપ્રિલ, શનિવારે સાંજે ૪ કલાકે કેશવ ભવન, રાણી લક્ષ્મીબાઈ ચોક, સરદારબાગ પાસે, જૂનાગઢ ખાતે કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે રમેશભાઈ દવે (ક્ષેત્ર સંયોજક સ્વદેશી જાગરણ મંચ), અતિથી વિશેષ તરીકે ડો.ડી.પી. ચિખલીયા (ચેરમેન ગુજરાત સ્ટેટ હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશન), ડોલરભાઈ કોટેચા (ચેરમેન ખેતી વિકાસ બેંક જૂનાગઢ), હરેશભાઈ પરસાણા (ચેરમેન સ્ટેન્ડીંગ કમીટી મનપા જૂનાગઢ), અભિષેકભાઈ સુવા (જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જૂનાગઢ) રહેશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે વિનોદભાઈ બરોચીયા (સ્થાપક ચેરમેન/માર્ગદર્શક), છગનભાઈ પેથાણી (ચેરમેન), હરજીવનભાઈ ઢોલરીયા (વાઈસ ચેરમેન), નરેન્દ્રભાઈ ભુત (મેનેજીંગ ડીરેકટર)ના માર્ગદર્શન હેઠળ જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

સિન્ધુ વેલ્ફેર ફાઉન્ડેશન તથા ભારતીય સિન્ધુ સભ દ્વારા

ચેટીચંડ ધર્મોત્સવ ‘હલૌ તો મૌજ કયું’’નું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨

સિન્ધુ વેલ્ફેર ફાઉન્ડેશન તથા ભારતીય સિન્ધુ સભા આયોજીત ચેટીચંડ ધર્મોત્સવ ‘હલૌ તો મૌજ કયું’નું આયોજન કરવામાં આવેલ છે. સિન્ધુવેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા ઈષ્ટદેવ ઝુલેલાલના પ્રાગટય દિને સિન્ધી નૂતન વર્ષ ચેટીચંડ હર્ષોલ્લાસથી અને સિન્ધી સાંસ્કૃતિના ગીત સંગીત તથા સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ઉજવાશે. જેના ભાગરૂપે આજ તા.૨-૪-૨૨ ને શનિવારે સાંજે ૬ વાગ્યાથી નિલકંઠ પાર્ટી પ્લોટ, ઝાંઝરડા બાયપાસ ચોકડી ખાતે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે જેમાં સમસ્ત સિન્ધી સમાજના પરિવારોને ખાસ ઉપસ્થિત રહેવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવેલ છે અને સાથેજ સૌને સમસ્ત સિન્ધી સમાજના નૂતન વર્ષ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી છે. આ સાથે જ સિન્ધી સમાજના તમામ પરિવારજનો માટે ધુમાડાબંધ મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સુનીલ નાવાણી, કિશોર અજવાણી, ડો.પાયલ ગોધવાણી, દિલીપ બહિરવાણી, ગીરીશ કાંજાણી, હરેશ ગોધવાણી, કમલેશ ધમાણી, શ્રીચંદ લાલવાણી, તુલસી ઓતવાણી, તોલારામ ગહેનાણી, વીરભાણ આહુજા, હરેશ ક્રિપલાણી, જગદીશ રત્નાણી, હિતેષ નંદવાણી તથા નરેશ ચેલાણી જહેમત ઉઠાવી રહયા છે.

ગાંધીનગરમાં સફાઈ કામદારનું શોષણ થાય છે : મુખ્યમંત્રીને રજુઆત કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨

મહાનગરપાલિકા ગાંધીનગરના આઉટ સોર્સીંગ સફાઈ કોન્ટ્રાકટમાં કામ કરતા સફાઈ કામદારો છેલ્લા આશરે ૯૬ દિવસથી પોતાની માંગણીને લઈને હડતાળ ઉપર ઉતરેલ છે. મંજુર થયેલ ૪૩૭ જેટલી જગ્યા ઉપર આ હડતાળ ઉપર બેઠેલ કામદારોની ભરતી કરવામાં આવેએવી માંગણી સાથે હડતાળ ઉપર ઉતરેલ છે અને કોન્ટ્રાકટ પ્રથામાં કામદારોનું શોષણ થાય છે એ સત્ય હકીકત છે. આ હડતાળ ઉપર ઉતરેલા કામદારોની માંગણી વ્યાજબી કાયદેસર અને ન્યાયી છે, આગામી દિવસોમાં વિધાનસભાની ચુંટણી આવે છે જે વિધાનસભાની ચુંટણીમાં સમગ્ર ગુજરાતમાં રહેતા વાલ્મીકી સમાજના વ્યક્તિઓની આ હડતાળને કારણે નારાજગીની અસર પડે તેવી પુરી શકયતા છે અને ભારતીયજનતા પાર્ટીને નુકશાન થાય તેવું બની શકે જે હકીકત ધ્યાને લઈ આ હડતાળ ઉપર ઉતરેલા સફાઈ કામદારોની માંગણી સ્વીકારી મંજુર થયેલ ૪૩૭ જગ્યા ઉપર તેઓની ભરતી કરી ઘટતું કરવા મિશન કામદાર એકતા પરિષદના હોદેદારોએ મુખ્યમંત્રીનો રજુઆત કરી છે.

‘‘નોખો નાગર નરસૈયો’’ અદ્‌ભુત કાર્યક્રમ

ગત તા.૨૯/૦૩/૨૦૨૨ ના રોજ મંગળવારની સાંજ સંગીત પ્રેમી તથા નરસિહ પ્રેમી જનતા માટે યાદગાર સાંજ બની ગયેલી હતી. નરસિંહ મહેતાના ચોરે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થીક સહયોગથી ફિરોઝઈરાની આયોજીત કાર્યક્રમ ‘‘નોખો નાગર નરસૈયો’’ એ નરસિંહ મહેતાને શબ્દાંજલી અને સ્વરાંજલી આપવાનો અદભુત કાર્યક્રમ હતો.

ફિરોઝઈરાની આશરે ૫૦૦ ઉપરાંત ફિલ્મમાં કલાકાર તરીકે કામ કરેલ છે તેમાં ૧૧૨ જેટલી હિન્દી ફિલ્મ છે. વિવેક ઓબેરોયથી અમિતાભ બચ્ચન સુધીના કલાકારો સાથે કામ કરતા આ અદભુત કલાકારએ આ કાર્યક્રમ માટે સુયોગ્ય પસંદગી કરેલ.

આ કાર્યક્રમમાં ગુજરાતના સુવિખ્યાત કવી અને જે જુનાગઢના જ છે અને જુનાગઢ અને ગિરનાર સાથે બહુ જ પ્રિત છે તેવા કવિ રાજેન્દ્ર શુકલની પ્રેરક ઉપસ્થીતી હતી. ૮૨ વર્ષની ઉમર હોવા છતાં ગિરનાર અને નરસિંહ મહેતા વિષે કવિતાનું પઠન કરતા હતા ત્યારે નાભીમાંથી જાણે અવાજ નીકળતો હતો. ગિરનાર વિષે તેમની સુપ્રસિધ્ધ કવીતા પુકારો ગમે ત્યારે તેમણે જયારે રજુ કરી ત્યારે સમગ્ર પ્રેક્ષકો અવાચક બની ગયેલા હતા. રાજેન્દ્ર શુકલની કવિતાઓમાં જૂનાગઢ પ્રત્યેનો પ્રેમ, નરસિંહ મહેતા પ્રત્યેનો પ્રેમ અને ગિરનાર પ્રત્યેનો પ્રેમ છલકાતો હતો. અને ક્રિકેટમાં જેમ ફટકાબાજ ઓપનીગ બેસ્ટમેન તરીકે આવે તે રીતે રાજેન્દ્ર શુકલએ પોતાના બુલંદ અવાજથી કવિતાઓનું પઠન કરીને શ્રોતાઓને જાગૃત કરી દિધેલા. આ રીતે આ કાર્યક્રમની શરૂઆત ધમાકેદાર થયેલી ત્યાર બાદ નરસિંહ મહેતાને યાદ કરી કેદાર રાગમાં અને સારંગ રાગમાં જૂનાગઢની લતા નીરૂબેન દવેએ સુંદર ગીતો રજૂ કર્યા હતા. તેમાં વાસલડીનું ગીત અદ્‌ભુત રીતે તેમણે ગાયેલ હતું. અને પ્રેક્ષકોએ તેમણે વધાવી લીધેલ જયારે જૂનાગઢના વિખ્યાત સગીંત મર્મજ્ઞ અને જેના હાથ નીચે સેંકડો સંગીતના વિદ્યાર્થીઓ તૈયાર થયા છે તેવા અનેઆ કાર્યક્રમના મુખ્ય આયોજક વિપુલભાઈ ત્રિવેદીએ ‘હારે વાલા તારી વાસલડી’ ગાઈને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દિધેલા. કાર્યક્રમનું સંચાલન જૂનાગઢના લોકપ્રિય ગાયક રાજુભાઈ ભટ્ટ અને તેના સુનંદા સાથી કલાકારોએ કરેલ તબલાની સંગત અદ્‌ભુત હતી. સ્ટેજ ઉપર ગુજરાતના શ્રેષ્ઠ હાસ્ય કલાકાર જીતુભાઈ દ્વારકાવાળાએ આજે એક નવો જ રોલ ધારણ કરી સ્ટેજ ઉપર એક ખુણામાં જાણે પ્રોગ્રામના કોઈ કલાકાર હોયતે રીતે સંગીત ઉપર હાથ અજમાવેલો હોય તેવું જણાતું હતું અને સ્ટેજ ઉપરના ઢોલકની સંગાથે તેઓએ પણ ડોલીને અદ્‌ભુત મંજીરા વગાડવાનું પ્રદર્શન કરેલું. અવધ ભટ્ટએ નરસિહ મહેતાની હુંડીનું ગીત તેમના બુલંદ અવાજે રજુ કરી દિધું ત્યારે પ્રેક્ષકોને એમ થયું કે જૂનાગઢનો આ ઉગતો કલાકાર ભવિષ્યનો ગુજરાતનો લોકગાયક બનવાની ક્ષમતા ધરાવે છે. સંચાલક રાજુભાઈ ભટ્ટએ આ કાર્યક્રમનું સફળ સંચાલન કરેલ અને નરસિંહ મહેતાની કૃષ્ણ ભકિતની કસોટી કરવા માટે જૂનાગઢના તે સમયના રાજા રા’માંડલીકે તેમને જેલમાં નાખેલા ત્યારે નરસિંહ મહેતાએ એક જ પ્રાર્થના કરી કે મારો કાલે વધ રા’માંડલીક કરી નાખે તો મને કાંઈ વાંધો નથી. પરંતુ કાના બીજા લોકોને તારા ઉપરથી શ્રધ્ધા ઉઠી જશે. આવા સુંદર નરસિંહના પ્રસંગોને વાગોડીને જૂનાગઢના શ્રેષ્ઠ લોક ગાયકે બીજી એક એ જાહેરાત કરી કે નરસિંહ મહેતાના ચોરે સાત દિવસ માટે નરસિંહ ગાથાની કથા કરવી છે. આપણ ઘણા પ્રકારની કથાઓ સાંભળી છે પરંતુ નરસિંહ ગાથાનું લાઈવ પરફોર્મન્સ કયાંય જોયું નથી ત્યારે જૂનાગઢના આ કલાકારની જાહેરાતથી એમ થયું કે આ નરસિહ ગાથાનો કાર્યક્રમજો નરસિંહ મહેતાના ચોરે કરવામાં આવે તો સમગ્ર નરસિંહ પ્રેમીઓ માટે આ કથા ખુબ જ શ્રેષ્ઠ બની રહેશે અને છેલ્લે જૂનાગઢનો જ લાડીલો ‘‘લાલો ’’ નાણાવટીએ દ્વારકાવાળાનું અદભુત ભજન રજૂ કરેલુ. પરંતુ આ બધાની વચ્ચે આ કાર્યક્રમ ઉપર ચાર ચાંદ લાગેલા હોય તો તે હતુ પદ્મશ્રી શાહબુદીનભાઈ રાઠોડનુંફીલોસોફી ભર્યુહાસ્ય. શાહબુદીનભાઈ રાઠોડની વિશેષતા એ છે કે હાસ્યમાં ગંભીરતા લાવી શકે છે અને ગંભીરતામાં હાસ્ય લાવી શકે છે. અને તે બે વચ્ચે જીવન જીવવાની ફીલોસોફી સમજાવતા રહે છે. પોતાના ઉદ્‌બોધનની શરૂઆતમાં જ શાહબુદીનભાઈએ નાગરોને યાદ કરેલા હતા અને હળવી ભાષામાં જણાવેલ હતું કે મને જયારે કોઈ નાગર કાર્યક્રમ માટેનું આમંત્રણ આપવામાં આવે ત્યારે અચુક કહે કે ‘‘ગુરૂત્તમ સમય કાર્યક્રમમાં આપવાનો રહેશે અને લઘુતમ વેતન કાર્યક્રમ માટે સ્વીકારવાનું રહેશે.’’ શાહબુદીનભાઈએ પદ્મશ્રી મળ્યું ત્યારનું રાષ્ટ્રપતિ ભવનનું વર્ણન કરેલ. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે થયેલી વાતચીતનો પણ ઉલ્લેખ કરેલો. ઈતિહાસના સુંદર ઉદાહરણો સાથે પ્રેક્ષકોને જકડી રાખે તેવી વાતાત શાહબુદીનભાઈ રાઠોડ કરતા હતા ત્યારે એવું લાગતુંહતુંકે આ તેહાસ્ય કલાકાર છે કે મોટીવેશનલ સ્પીકર છે કે કોઈ ફીલોસોફર છે? પરંતુ વાસ્તવીક રીતે ત્રણેનો સંગમ શાહબુદીનભાઈ રાઠોડમાં થતો હતો. આ કાર્યક્રમમાં નરસિંહ મહેતા ચોરાની આજુ-બાજુ વસતા મુસ્લીમ પરીવારો વતી મુસ્લીમ અગ્રણીઓએ કવિશ્રી રાજેન્દ્ર શુકલ, અભીનેતા ફિરોજ ઈરાની વિગેરેનું હારતોરા અને શાલ ઓઢાડીને સન્માન કરેલ. પ્રેક્ષકોને આ સ્વયંભુ સન્માન ગમેલ અને મુસ્લીમ આગેવાનોએ પણ સમગ્ર કાર્યક્રમ માણેલો હતો. કાર્યક્રમમાં નરસિહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ડો.ચેતનભાઈ ત્રિવેદીસતત હાજર રહેલા હતા. રૂપાયતન ટ્રસ્ટના હેમંતભાઈ નાણાવટી પણ હાજર હતા. નરસિંહ મહેતા ચોરા ટ્રસ્ટના સૌજન્યશીલ પ્રમુખઅને કાર્યક્રમના આયોજનમાં જેનો સિંહફાળો હતો તે શશીનભાઈ નાણાવટી અતિથીઓને આવકારેલા અને હાજરી બદલ આભારની લાગણી વ્યકત કરેલ હતી.

આ કાર્યક્રમમાં અમો ઉપરસ્થીત હતા ત્યારે જણાયેલ કે આ કાર્યક્રમ અતિ સુંદર અને આટલા સફળ કલાકારો એકી સાથે સ્ટેજ ઉપર જૂનાગઢની જનતાને મળે તે લ્હાવો છે. પરંતુ ‘સ્થળ સંકોચ’ ઉઘાડી રીતે જોઈ શકાય તેવો હતો અને એક વાત આ લેખકે નોંધી કે નરસિંહ મહેતા એ ફકત નાગરનો ઈજારો છે તે કેમ માની શકાય ? ઓડીયન્સમાં ઈતર જ્ઞાતીના લોકો ઓછા હોવાનું કારણ કદાચ આજ હતું. નરસિહ મહેતાનો ચોરો તાત્કાલીક તેનું રીનોવેશન થોડું કરવાની જરૂર છે. કારણ કે જૂનાગઢના જોવા લાયક સ્થળોની સાથો-સાથ જયાં આજની તારીખે પણ નરસિંહ મહેતાની ચેતના અનુભવાઈ રહેલી છે તેવા સ્થળનું રીનોવેશન સરકારે ઉત્સાહથી કરેલ પરંતુ હજુ ઘણુ કામ અધુરૂં છે અને બીજુ એ કે ગાંધીજી વણિક જ્ઞાતીના હતા પરંતુ ત્યારે કોઈ સાંભળેલ કે ગાંધીજીનું ઉપાશ્રયમાં કે દેરાસરમાં સન્માન થયું હોય કે ગાંધીજીને કયારેય વણિક અગ્રણી તરીકે કોઈએ સંબોધન કરેલ હોય? અને કદાચ આથી જ ગાંધીજીએ જ્ઞાતીના સંકુચીત વાડામાં રહેવાને બદલે વિશ્વમાનવ થઈ ગયેલા હતા. આવી જ રીતે નરસિંહ મહેતા ગુજરાતી ભાષાના આદ્યકવિ હતા કે જેમણે પદો, પ્રભાતીયા, ભજનોથી માંડીને શ્રૃંગાર ગીતો પણ લખેલા હતા. અને આથી જ નરસિંહ મહેતા એ ગુજરાતના જ નહી પરંતુ સમગ્ર ભારત વર્ષના પ્રમુખ સંત શિરોમણી આદ્ય કવિ અને પરમ ભકતરાજ હતા. આથી ડો. શિવલાલ જેસલપુરાએ કહેલ હતું કે ‘‘નરસિહ મહેતા માત્ર ભારતમાં જ નહીં પરંતુ જગતના ઉતમ સંત કવિની હરોળમાં બેસે તેવા કવિ છે.’’ ત્યારે આ નરસિંહ મહેતાને નાગર જ્ઞાતીની વાડમાં બાંધવા કરતા જેમ ગાંધીજીએ વૈશ્નવજન દ્વારા તેમને વિશ્વ ફલકમાં મુકેલ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ ગીતને યુનોમાં પણ દાખલ કરાવેલ ત્યારે આ નરસિંહ મહેતા એ વિશ્વમાનવ હતા. અને ભારતના બંધારણમાં પ્રથમવાર ડો. ભીમરાવ આંબેડકરે ભારતમાં અસ્પૃશ્યતા નાબુદ થઈ છે તેવું બંધારણીય વચન લખેલ તે પહેલા આ આદી કવિએ અસ્પૃશ્યતા નિવારણ માટે જે આહલેખ જગાડેલ હતી તેની નોંધ ઓછી લેવાય છે. જૂનાગઢના આ નાગર સંતનું હરીજનોના ઉધ્ધાર માટેનું કાર્ય કાબીલે દાદ હતું એટલુ જ નહીં પરંતુ તે સમયમાં જયારે જ્ઞાતીના વાડાઓ વચ્ચે સમાજ રચના ગોઠવાયેલ હતી તેમાં ભંગાણ પાડવુ તે નરસિહ મહેતા જેવા વિરલાઓ જ કરી શકે. આ નરસિંહ મહેતાની ચેતના આજની તારીખે જયાં ઉજાગર થાય છે અને જયાં સાક્ષાત કૃષ્ણ ભગવાનનું દર્શન થયું તે રાસલીલાના ચોરાના સાનિધ્યે આ અદભુત કાર્યક્રમ જૂનાગઢની જનતાએ માણ્યો તે અદભુત લ્હાવો હતો. અને જૂનાગઢના લોકગાયક રાજુભાઈ ભટ્ટએ નરસિંહ ગાથા રજુ કરવાની તૈયારી બતાવી અને સ્થળ ઉપર જ ચોરાના પ્રમુખ શશીનભાઈ નાણાવટીએ તે ઈજન સ્વીકારી લીધેલ તે જોતા જૂનાગઢના નરસિંહ પ્રેમી જનતાને એક વિશીષ્ટ અને અદ્‌ભુત નરસિંહ ગાથા સાત દિવસની મળશે તે સમયની રાહ જૂનાગઢના નાગરો જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતની જનતા જોઈ રહી છે. અને નરસિંહ મહેતાની ચેતનાના સાનિધ્યમાં આ શબ્દો જૂનાગઢના લોક ગાયકે બોલેલા હોય તે નજીકના ભવિષ્યમાં સાર્થક થશે તેમાં કોઈ શંકા નથી.

– કિરીટ બી. સંઘવી–એડવોકેટ

(સંયોજક : ‘વનમેન આર્મી’

મૃદુતા સાથે **મક્કમતા,** નિર્મળતા સાથે નિર્ણાયકતા

"જમીન સાથે જોડાયેલા અને ટેકનોલોજીનો ઉપયોગ કરનારા ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત ચોતરફા વિકાસ કરશે"

માનનીય મુખ્યમંત્રી

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના

નેતૃત્વમાં

200

દિવસની જનસેવાની પરિશ્રમ યાત્રા

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના પ્રથમ 200 દિવસના કાર્યકાળમાં 61 હજાર કિલોમીટર પ્રવાસ કરી લોકોની વચ્ચે જઈને, લોકોના બની, સઘન લોક સંપર્ક દ્વારા બહુવિધ જનહિતકારી કાર્યક્રમોથી ગુજરાતનાં ખૂણે ખૂણાના વિકાસ માટેનો નિષ્ઠાવાન પુરૂષાર્થ

- ગુજરાતના ઇતિહાસમાં અત્યાર સુધીના સૌથી મોટા ₹2 લાખ 44 હજાર કરોડના બજેટની પ્રસ્તુતિ

- એક હજાર દિવસની સંભાળ-સ્વસ્થ રહે માતા અને બાળના મંત્ર સાથે મહિલાઓના સુપોષણ માટે ₹850 કરોડ વપરાશે. 1,000 દિવસ સુધી સગર્ભા મહિલાને પોષક આહાર પૂરો પાડવામાં આવશે

- ખેડૂતમિત્રોના હિતાર્થે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના કરી રસાયણયુક્ત ખેતીથી મુક્તિ આપી. ડાંગ જિલ્લો બન્યો 100 ટકા પ્રાકૃતિક ખેતી આધારિત જિલ્લો

- મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના દ્વારા ગૌશાળા, પાંજરાપોળો અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓનો માળખાકીય વિકાસ

- નલ સે જલ કાર્યક્રમની કામગીરી ઝડપી કરી વર્ષના અંતે રાજ્યભરમાં નળથી જળ પૂરું પાડવાનો સંકલ્પ

આજથી ચૈત્ર માસની નવરાત્રીનાં પ્રારંભ સાથે માતાજીનાં મંદિરોમાં વિશેષ પૂજા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨

આજથી શકિતની આરાધનાના પર્વ એવા ચૈત્ર માસની નવરાત્રીનો ચૈત્ર સુદ એકમ એટલે કે આજથી ભકિતભાવ પૂર્વક પ્રારંભ થયો છે. માતાજીના મંદિરોમાં પૂજન અર્ચન સહીતના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. માધ નવરાત્રી શકિતની આરાધના પર્વ એવા નવરાત્રીના નવલા દિવસોમાં માતાજીની વિશેષ પૂજન-ભકિત કરવામાં આવતી હોય છે. વર્ષમાં ચાર નવરાત્રીના પર્વ આવતા હોય છે જેમાં આસો માસના નવરાત્રી, અષાઢ માસના નવરાત્રી, ચૈત્ર માસના નવરાત્રી અને મહા માસના નવરાત્રી આવે છે અને આ ચારે ચાર નવરાત્રીના પર્વે માતાજીના મંદિરોમાં જુદા જુદા ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. જૂનાગઢ શહેરમાં પણ માતાજીના મંદિરોમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે જેમાં કૃષિ યુનિવર્સિટી ખાતે આવેલા આઈશ્રી ખોડીયાર માતાજીના મંદિરે પણ પૂજન સહીતના કાર્યક્રમો થાય છે તેમજ ખામધ્રોળ રોડ ઉપર આવેલ આઈશ્રી ખોડીયાર માતાજીનું મંદિર, રાંદલ માતાજી મંદિર, ભવનાથ રોડ ઉપર આવેલા વાઘેશ્વરી માતાજીનું મંદિર, ગાયત્રી માતાજી મંદિર, ચામુંડા માતાજી મંદિર, મહાકાળી માતાજી મંદિર તેમજ મહાલક્ષ્મી માતાજી મંદિર અને ગિરનાર ઉપર બિરાજમાન અંબાજી માતાજીના મંદિરે પણ આ દિવસો દરમ્યાન પૂજન, અર્ચન, આરતી સહીતના કાર્યક્રમો યોજાય છે તેમજ સરકારની ગાઈડલાઈન મુજબ ભાવિકો માતાજીના મંદિરે દર્શનનો લાભ લઈ રહ્યા છે અને સમગ્ર વિશ્વના કલ્યાણની કામના કરી રહ્યા છે.

જૂનાગઢમાંથી પરીક્ષાની ડુપ્લીકેટ રીસીપ્ટ બનાવવાનું કૌભાંડ બહાર આવ્યું : ત્રણ સામે ગુનો દાખલ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા. ૨

હાલનાં સમયમાં એક તરફ ધો.૧૦ અને ધો.૧૨ની વાર્ષિક પરીક્ષા ચાલી રહી છે ત્યારે આ પરીક્ષાનાં સમયગાળા દરમ્યાન જ દોલતપરા નજીકથી એક મકાનમાં પોલીસો રેડ પાડતા ડુપ્લીકેટ રીસીપ્ટ બનાવવાની કામગીરીનો પર્દાફાશ થયો હતો અને આ બનાવમાં ત્રણ શખ્સો વિરૂધ્ધ પોલીસે ગુનો દાખલ કરી છે. જૂનાગઢ શહેરનાં દોલતપરા નેમીનાથ નગર-૨ વિસ્તારમાં ચોકકસ બાતમીનાં આધારે રેડ પાડવામાં આવતા પોલીસો ડુપ્લીકેટ રીસીપ્ટ બનાવવા સબબ કુલ રૂા. ૨૮,૦૫૦નો મુદામાલ જપ્ત કરી ત્રણ સામે ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં હેડ કોન્સ્ટેબલ દેવેન્દ્રભાઈ લખમણભાઈએ જીગ્નેશ જગદીશભાઈ પરમાર (કોળી) ઉ.વ.૨૮ રહે. દોલતપરા નેમીનાથનગર-૨, જૂનાગઢ તેમજ રાજુભાઈ વ્યાસ રહે. રાજકોટ નોકરી લાલબહાદુર શાસ્ત્રી હાઈસ્કુલ, લીમડા ચોક, રાજકોટ તેમજ ડોડીયા ચીરાગ જેન્તીભાઈ રહે. રાજકોટ વાળા વિરૂધ્ધ એવી ફરીયાદ નોંધાવી છે કે, જીગ્નેશ જગદીશભાઈ પરમાર અને રાજુભાઈ વ્યાસ આ બંનેએ પૂર્વ આયોજીત કાવતરૂ રચી ડોડીયા ચીરાગ જેન્તીભાઈની ગુજરાત માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ બોર્ડ ગાંધીનગર માધ્યમીક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-૨૦૨૨નાં પ્રવેશ પત્રમાં અસલ વિદ્યાર્થીનાં ફોટાની જગ્યાએ અન્ય વ્યકિતનાં ફોટાવાળી બનાવટી રીસીપ્ટો બનાવવાનાં ઉદેશથી મેળવી અને તે ડુપ્લીકેટ રીસીપ્ટ બનાવી રેડ દરમ્યાન જીગ્નેશ જગદીશભાઈનાં મકાનેથી લેપટોપ નંગ-૧ રૂા. ૨૫૦૦૦ તથા મોબાઈલ નંગ-૧ રૂા. ૩૦૦૦, ચાર્જર તથા બેગી તથા ત્રણ વિદ્યાર્થીઓની અસલ તેમજ ઝેરોક્ષ રીસીપ્ટો સાથે કુલ રૂા.૨૮,૦૫૦નો મુદામાલ જપ્ત કરવામાં આવેલ છે. આ રેડ દરમ્યાન રાજુભાઈ વ્યાસ તથા ડોડીયા ચીરાગ જેન્તીભાઈ હાજર નહી મળી આવેલ. પોલીસે ત્રણેય આરોપી વિરૂધ્ધ કલમ ૪૬૫, ૧૨૦ (બી), ૧૧૪મુજબ ગુનોદાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ એ.બી. દત્તા ચલાવી રહયા છે.

જૂનાગઢ પોલીસ દ્વારા મોબાઈલ ચોરી પ્રકરણમાં સંડોવાયેલા મેસવાણના શખ્સને ઝડપી લીધો

કુલ રૂા.૭૨ હજારની કિંમતના ૯ મોબાઈલ જપ્ત કરાયા

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ, તા.૨

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક મનિન્દર પ્રતાપસિંહ પવાર, જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી અને નાયબ પોલીસ અધિક્ષક પ્રદિપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈ આર.એસ. પટેલની સુચનાના આધારે ગુન્હા નિવારણ સ્કોડનો સ્ટાફ મિલ્કત સંબંધિત ગુન્હાઓ કરતા ગુન્હેગારોને શોધીકાઢવાની કામગીરી કરતા હતા તે દરમ્યાન ચોકકસ બાતમીના આધારે જૂનાગઢ બસ સ્ટેશન સર્કલ પાસે વોચ ગોઠવી અને કેશોના મેસવાણ ગામના વિક્રમ ઉર્ફે ઈટલી મનુભાઈ મકકાને પકડી પાડી અને તેની તલાસી લેતા તેની પાસેથી કુલ ૯ મોબાઈલ મળી આવ્યા હતા.

ચોથાણી હોસ્પીટલમાંથી ચોરાયેલ મોબાઈલ તેમજ અન્ય જગ્યાએથી ચોરી કરેલ મોબાઈલ મળી કુલ રૂા.૭૨ હજારના ૯ મોબાઈલ જપ્ત કરી તેના વિરૂધ્ધ ધોરણસરની કામગીરી કરવામાં આવી છે. આરોપીને ઝડપી લેવાની કામગીરીમાં જૂનાગઢ બી-ડીવીઝના પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. આર.એસ. પટેલની સુચના મુજબ ગુન્હા શોધક યુનિટના પોલીસ સબ ઈન્સ.આર.એચ. બાંટવા, પો.કોન્સ. નીતીનભાઈ નામદેભાઈ હીરાણી તથા પો.કોન્સ. વનરાજસિંહ બનેસિંહ ચુડાસામા તથા પો.કોન્સ. હારૂનભાઈ ઈસ્માઈલભાઈ ખાનાણી તથા પો.કો.ન્સ. અજયસિંહ કલ્યાણસિંહ ચુડાસામા વગેરે દ્વારા કરવામાં આવી હતી.

(તસ્વીર : અમ્માર બખાઈ)

જૂનાગઢ મહાનગરપાલિકા કચેરીમાં જ પાણીનો થાય છે વેડફાટ

ગરીબોના કૂબામાં તેલનું ટીપૂ પણ દોહ્યલું અને શ્રીમંતની કબર ઉપર ઘીનાં દીવા !

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨

એક બાજુ સરકાર દ્વારા પાણી બચાવવા માટે અનેક પ્રયાસહાથ ધરવામાં આવી રહ્યા છે તો બીજી તરફ કાળઝાળ ઉનાળામાં મહાનગરપાલિકા જૂનાગઢ કચેરીમાં પીવાના પાણી માટે મૂકવામાં આવેલ વોટર કુલરનો નળ લીકેજ હોય સતત પાણીનો વેડફાટ થતો જોવા મળે છે. જો કે અરજદાર માટે પીવાનું શુદ્ધ અને ઠંડુ પાણી મળે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે તે ખુબજ સારી બાબત છે પરંતુ આ વ્યવસ્થા માટે મૂકવામાં આવેલ વોટર કુલરના નળ લિકેજના કારણે ફિલ્ટર અને ઠંડુ પાણીનો વ્યય થાય છે જેને કારણે પાણી જ નહી પરંતુ ઈલેટ્રિકસિટીનો પણ વ્યય થાય છે અને જવાબદાર અધિકારીઓની ભૂલને કારણે નાણાકીય વ્યય સાથે પાણીનો વેડફાટ થતો જોવા મળે છે. અત્રે અચરજ પામે તેવી વાત એ છે કે આ કચેરીમાં પ્રવેશ માટેની મુખ્ય સીડી પાસે જ પાણીનો ધોમ વેડફાટ થાય છે અને કચેરીના વડા કમિશ્નર અને વોટર વર્કસ શાખાના અધિકારીઓ તેમજ અન્ય ઘણા કર્મચારીઓ પણ અહીંથી જ પસાર થાય છે તેમ છતાં કોઈએ પણ આ બાબતે ગંભીરતા લીધી જ નથી! શુંજળ એજ જીવન એ સૂત્ર માત્ર દિવાલો ઉપર લખવા માટે જ છે? ખરેખર વાસ્તવિક રીતે શું આ કચેરીમાં કોઈને પણ પાણીનો વેડફાટ રોકવાની જરા પણ પડી નથી ? જૂનાગઢનાં જાગૃત નાગરિક તુષાર સોજીત્રા દ્વારા તંત્ર સમક્ષ સત્વરે પાણીનો બગાડ રોકવા માટે રજૂઆત કરવામાં આવી છે.

રાજકોટ રેલવે ડિવિઝને માર્ચ માસમાં ટિકિટ વગરના મુસાફરો પાસેથી રૂા. ૧.૬૧ કરોડ વસૂલ કર્યા

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨

કોરોનાના બાદ રાજકોટ ડિવિઝન દ્વારા ટિકિટ ચેકિંગની આવકમાં નવા આયામો પ્રસ્થાપિત કરવામાં આવી રહ્યા છે. ગત માર્ચ મહિનામાં એક નોંધપાત્ર સિદ્ધિ મેળવીને, રાજકોટ ડીવીઝને ટિકિટ વિનાના/અનિયમિત ટિકિટ કરતા ૨૨,૪૬૪ મુસાફરો પાસેથી રૂા. ૧.૬૧ કરોડ દંડ પેટે વસૂલ કર્યા છે. જે એક જ મહિનામાં ટિકિટ ચેકિંગથી આવકનો અત્યાર સુધીનો સર્વશ્રેષ્ઠ આંકડો છે. અગાઉ રાજકોટ ડિવિઝનમાં ટિકિટ ચેકિંગથી માર્ચ-૨૦૧૯ માસમાં ૧.૫૧ કરોડ રૂપિયાની આવક મેળવી હતી. રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જૈફના માર્ગદર્શન હેઠળ આસિસ્ટન્ટ કોમર્શિયલ મેનેજર પી. ચંદ્રશેખર, ડિવિઝનલ ચીફ ટિકિટ ઈન્સ્પેક્ટર કે.સી. ગુર્જર અને સ્ટાફ દ્વારા સઘન ટિકિટ ચેકિંગ ઝુંબેશ ચલાવીને આ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. ૧લી એપ્રિલ, ૨૦૨૧થી ૩૧મી માર્ચ, ૨૦૨૨ના સમયગાળા દરમ્યાન, રાજકોટ ડીવીઝને એક વર્ષમાં ટિકિટ વિના/અનિયમિત ટિકિટ મુસાફરી કરતા ૧,૧૫,૫૨૨ મુસાફરોપાસેથી રૂા. ૭.૧૧ કરોડવસૂલ કર્યા છે. આ સમયગાળા દરમ્યાન, રેલવે પરિસરમાંકચરો નાખવા માટે ૩૭૬ મુસાફરો પાસેથી રૂા. ૧,૮૩,૩૩૦ વસૂલ કરવામાં આવ્યા હતા. અહીં જ્યાં-ત્યાં થૂંકવા બદલ ૫૧ મુસાફરો પાસેથી રૂા. ૭,૨૦૦ વસૂલવામાં આવ્યાહતા. માસ્ક ન પહેરવા બદલ ૪૬૮ મુસાફરો પાસેથી રૂા. ૭૭,૨૯૫ વસૂલવામાં આવ્યા હતા. રાજકોટના ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર અનિલકુમાર જૈને ટિકિટ ચેકીંગ સાથે સંકળાયેલા અધિકારીઓ અને કર્મચારીઓને તેમની રેકોર્ડબ્રેક કામગીરીબદલ બિરદાવી હતી અને તમામરેલવે મુસાફરોને યોગ્ય ટિકિટ ખરીદીને સમ્માન સાથે મુસાફરી કરવા અપીલ કરી છે.

રાજ્યના નાના બાળકો-યુવક, યુવતીઓ માટે પર્વતારોહણ પ્રવૃતિમાં જોડાવાની તક

ફેસબુક પેજ ઉપરથી અરજી ડાઉનલોડ કરી શકાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨

પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ દ્વારા આયોજિત ખડક ચઢાણ એડવેન્ચર કોર્સ તથા ખડક ચઢાણ બેઝિક કોર્સ એપ્રિલ-૨૦૨૨થી ફેબ્રુઆરી ૨૦૨૩ દરમ્યાન યોજાનાર છે. પર્વતારોહણ પ્રવૃતિમાં રસ ધરાવતા બાળકો- યુવક યુવતીઓ નિયત નમુનામાં અરજી કરી શકશે.

કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ સંચાલિત ખડક ચઢાણ એડવેન્ચર કોર્સ તથા ખડક ચઢાણ બેઝિક કોર્સનું આયોજન આગામી એપ્રિલ ૨૦૨૨થી ફેબ્રુઆરી ૨૦૨૩ દરમ્યાન જૂનાગઢ ખાતે યોજાનાર છે. ખડકચઢાણ એડવેન્ચર કોર્સ, વય મર્યાદા ૮ થી ૧૩ વર્ષ સમય ગાળો ૭ દિવસ, સ્પેશ્યલ એડવેન્ચર કોર્સ વય મર્યાદા ૪૫ થી ૬૦ વર્ષ સમયગાળા ૭દિવસ ખડક ચઢાણ બેઝિક કોર્સ વય મર્યાદા ૧૪ થી ૪૫ વર્ષ સમયગાળો ૧૦ દિવસની તાલીમ આપવામાં આવશે. આ અંગેનું નિયત ફોર્મ **FACEBOOK PAGE SVIM ADMINISTRATION** ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. નિયત અરજી ફોર્મ જરૂરી પુરાવા સાથે કોર્સની તારીખના એક માસ અગાઉ પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વાતારોહણ તાલીમ કેન્દ્ર લાખાકોઠા, ભવનાથ, જૂનાગઢ પીન કોડ ૩૬૨૦૦૨ ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફત જ મળી જાય તે રીતે મોકલી આપવાનું રહેશે. વધુ માહિતી માટે કચેરીના સંપર્ક નંબર ૦૨૮૫ ૨૬૨૭૨૨૮ ઉપર કરવાનો રહેશે.

રાજ્યના જુદા-જુદા જીલ્લાઓમાં ફરજ બજાવતા પી.આઈ.ની સામૂહિક બદલીના ઓર્ડરો થયા

(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળિયા તા. ૨

રાજયના પોલીસ વડા આશિષ ભાટિયા દ્વારા જુદા જુદા જિલ્લાઓમાં ફરજ બજાવતા કુલ ૧૨ પોલીસ ઈન્સ્પેક્ટરોની જુદા જુદા જિલ્લાઓમાં તાત્કાલિક અસરથી બદલી કરતા ઓર્ડરો ગઈકાલે કરવામાં આવ્યા છે. આ ઓર્ડરોમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. વિભાગના પી.આઈ. જે.એમ. પટેલને એ.ટી.એસ. વિભાગમાં જ્યારે દ્વારકાના પી.આઈ. પી.બી. ગઢવીને એ.સી.બી. વિભાગમાં મુકવામાં આવ્યા છે.

દ્વારકા જિલ્લાના જે.કે. ડાંગરને પણ એસીબીમાં મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત ગાંધીનગરના ટી.આર. ભટ્ટને અમદાવાદ શહેરમાં, નર્મદાના વી.આર. વસાવા તથા શ્રીમતી એમ.એ. સિંહ, અમદાવાદ શહેરના એન.એન. પરમાર તથા વડોદરા શહેરના એસ.જે બ્લોચને એસીબી વિભાગમાં બદલવામાં આવ્યા છે. જ્યારે આણંદના આર.એન. વિરાણીને પશ્ચિમ રેલવે-અમદાવાદ, પંચમહાલના એચ.સી. રાઠવાને દાહોદ, વડોદરા ગ્રામ્યના જે.એમ. વાઘેલાને રાજકોટ શહેર, અમદાવાદ શહેરના બે પી.આઈ. જે.એન. ચાવડા અને જે.પી. રોજીયાને એટીએસ વિભાગમાં મૂકવામાં આવ્યા છે. જામનગરના આર.જી. ચૌધરીને સુરેન્દ્રનગર તથા એ.જે. પટેલને ડીજીપી કચેરી ખાતે બદલવામાં આવ્યા છે.

કોવિડ-૧૯થી મૃત્યું સહાયમાં સંબંધિત સક્ષમ અધિકારી સમક્ષ પોર્ટલ ઉપર ઓનલાઇન અરજી કરી શકાશે

ખોટા દાવા કરનારને બે વર્ષની કેદ અને દંડ થશે

જૂનાગઢ, તા.૨

રાજય સરકાર દ્વારા કોવિડ-૧૯થી મૃત્યુ પામેલ મૃતકના વારસદારોને રૂા.૫૦ હજારની સહાય ચુકવવામાં આવે છે જે અન્વયે કોવિડ-૧૯થી મૃત્યુ સહાયમાં સંબંધિત અધિકારી સમક્ષ કે ઓનલાઈન પોર્ટલ પર અરજી કરી શકાશે.

રાજયમાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલ મૃતકના વારસદારોને રૂા.૫૦,૦૦૦ની સહાય (**ex-gratia assistance**) મેળવવા તા.૨૦/૦૩/૨૦૨૨ સુધીના મૃત્યુના કિસ્સામાં, નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદા તા.૨૪/૦૩/૨૦૨૨થી દિન-૬૦ની અંદર અનેતા.૨૦/૦૩/૨૦૨૨ પછી કોવિડ-૧૯થી થયેલ/થનાર ભાવિ મૃત્યુના કિસ્સામાં મૃત્યુની તારીખથી દિન-૯૦ની અંદર સહાય મેળવવા સંબંધિત સક્ષમ અધિકારી સમક્ષ તેમજ **www.iora.gujarat.gov.in/Cov19_login.apsx** પોર્ટલની લિન્ક ઉપર મોબાઈલ નંબર દાખલ કરી ઘરે બેઠા ઓનલાઈન અરજી કરી શકાશે. અસામાન્ય સંજોગોમાં ઉકત સમયમર્યાદામાં અરજી કરી શકયા ન હોય તેવા અરજદારોએ આવી સમય મર્યાદા બહારની અરજી જરૂરી આધાર-પુરાવા સાથે **Grievance Redressal Committee** (ફરિયાદ નિવારણ સમિતિ) સમક્ષ ઉક્ત સમય મર્યાદા બહાર પણ કરવાની રહેશે. દાવો ખોટો હોવાનું જાણે છે છતા જાણી જોઈને એવો દાવો કરે છે જે દાવો ખોટો હોય છે છતાં કોઈપણ આપત્તિના પરિણામે પુનનિર્માણ અથવા અન્ય લાભો કેન્દ્ર સરકાર, રાજ્યના કોઈપણ અધિકારી પાસેથી રાહત, સહાય મેળવે તો સરકાર, નેશનલ ઓથોરીટી, સ્ટેટ ઓથોરિટી અથવા ડિસ્ટ્રીકટ ઓથોરિટી દોષિત ઠેરવી શકે છે અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ની કલમ-૩૫૨ની જોગવાઇ મુજબ બે વર્ષ સુધીની મુદત માટે કેદની સજા અને દંડ પણ થઈ શકે છે.

Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volume 46, Issue : 91, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India